R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

VOL.68 ISSUE NO. 02 - MAY 2025 - 60 PAGES - RS. 15/-



Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org




WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
FINANCIAL SERVICES
With you, For you, Always...

Registered Office :
Gada & Haria Financial Services
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

CA, CFP Rajesh Gada
Village : Bada
98676 23250
rajesh@gadaharia.com

CA Vipul Bheda
Village : Samaghoga
98202 22750
vipul@gadaharia.com

Vikas Vira
Village : Nagalpur
98205 20268
vikas@gadaharia.com

સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત

# શ્રી કચ્છી વિશા ઓસવાળ સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજનવાડી, ત્રીજે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાયક રોડ ચીંચબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯

૨૩૭૧૪૬૭૪, ૨૩૭૭૩૦૩૨, ૨૩૭૧૫૦૫૦, ૨૩૭૧૫૧૫૧, ૪૦૧૬૪૩૪૩ / + Email : ksevasamaj@gmail.com + Webssite : www.kvoss.org

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર

## પગદંડી

- છેલ્લા સાત દાયકાથી ક.વિ.ઓ.સમાજને નવા વિચારબીજ આપનાર
- ક.વિ.ઓ. સમાજની સાંસ્કૃતિક ધરોહરને જાળવવા સદા પ્રયત્નશીલ
- ક.વિ.ઓ. સમાજની જાગૃતિના પ્રતિક સમાન

હવે પગદંડીનું લવાજમ ભરવું એકદમ સરળ. નીચે આપેલ ક્યુઆર કોડને સ્કેન કરો અથવા લિન્ક પર ક્લિક કરી આપની વિગત ભરો.

cutt.ly/pagdandi

R.N.I. No. 14093/1957 પગદંડી PAGDANDI

**પગદંડીનું દસ વર્ષનું લવાજમ માત્ર રૂ.૧૦૦૦/-**

પંચવાર્ષિક લવાજમ રૂ.૬૦૦/-

પગદંડી કાર્યાલય ખાતે સેવા સમાજનાં સરનામે સ્વીકારાશે.

આપનું એડ્રેસ બદલાયું તો આપના પગદંડી મેમ્બરશીપ નંબર સાથે જૂના અને નવા એડ્રેસની વિગત pagdandi@kvoss.org પર મોકલવા વિનંતી જેથી પગદંડીના અંક, આપને વિના વિક્ષેપ મળતા રહે.

લિ. પગદંડી તંત્રીઓ /ક.વિ.ઓ.સેવા સમાજ પરિવાર

NEEL PARI - 9322299742

# પગદંડી

મે ૨૦૨૫

## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રીસ્થાનેથી | | |
| અચ્છા કિયા................................................... | સંજય ચંદનબેન વિસનજી છેડા .................. | ૫ |
| પ્રમુખશ્રીની કલમે ...................................................... | ચંદ્રકાંત મણીબેન નાનજી લાલન.................. | ૧૧ |
| વિજયનગર હિંદુ સામ્રાજ્ય ઉદયથી અસ્ત...................... | કિરણ શાંતિબેન રતનશી વિસરિયા............... | ૧૩ |
| ભાવનિક શોષણ : **Emotional Abuse**...... | ડૉ. શિરીષ ભાનુમતીબેન ચુનીલાલ માલદે.... | ૧૮ |
| વ્યસનમુક્તિ ઝુંબેશ ચલાવનાર કચ્છી સંત નરેશમુનિ મહારાજસાહેબ.......................... | વસંત મોંઘીબાઈ ઉમરશી મારુ ..................... | ૨૩ |
| મંતવ્યો, અભિપ્રાયો, ધારણાઓની દુનિયા અને આપણે...... | પરેશ કેસરબેન ગાંગજી શાહ (નિશબ્દ)........ | ૨૭ |
| દિલથી યુવાન............................................................ | રાજેશ જવેરબેન નરશી સાવલા.................... | ૩૧ |
| ધર્મસભર વ્યક્તિના જીવનમાંથી શીખવા જેવા ગુણો.... | લેક્સ કસ્તૂરબેન કુંવરજી કેનિયા.................. | ૩૩ |
| બાવન, બેતાલીસ અને ચોવીસ ગામનાં નામ.............. | મણિલાલ લક્ષ્મીબેન પ્રેમજી દેઢિયા................ | ૩૫ |
| સાહિત્ય અમૃત ........................................................... | આલેખનઃ ચંદ્રકાંત હિરબાઈ શિવજી નંદુ....... | ૩૭ |
| પગદંડીને પત્ર............................................................ | | |
| કચ્છની મુસાફરી............................................... | વસંત જેઠીબાઈ લીલાધર ગાલા - કચ્છ કેસરી | ૪૨ |
| ઉર્મિલહર............................................................... | સંપાદન : વિશન પાનબાઈ દેવરાજ નાગડા... | ૪૪ |
| કચ્છી ક્રિકેટ ટૂર્નામેન્ટ - અહેવાલ................................ | | ૪૭ |
| એકાંકી નાટ્યસ્પર્ધા - અહેવાલ................................... | રાજેશ નિર્મલાબેન હરિલાલ છેડા ............... | ૫૧ |
| સેવા સમાજ - અપડેટ................................................ | ............................................................ | ૫૪ |
| સાંત્વન................................................................... | ............................................................ | ૫૬ |



**પગદંડી કાર્યાલય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**

ટાઈપસેટીંગ : **ધીરેન તારાબેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ) મોબાઈલ : ૯૮ ૩૩ ૫૪ ૧૦ ૪૦

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samaj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

Gala Caterers®
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

# Timeless Taste, Purely Authentic!

Vegetarian Food

SINCE1 977



Galacaterers

www.galacaterers.com

**RAJESH GALA | 98200 32010 /50 . ATUL GALA | 93 2222 1205**
**CHIRAG GALA | 97 0202 9280 . ROHIT GALA | 98200 99251**

# તંત્રીસ્થાનેથી



## અચ્છા કિયા

રોજની એ જ રેટ રેસમાં મશગૂલ મેં, એસી લોકલથી બહાર નીકળી ઑફિસ તરફ દોટ મૂકી. આજે એક મિટિંગ હતી એટલે ચર્ચગેટ સ્ટેશન પર જ એક બૂટ પોલિશવાળા પાસે ઊભો રહી ગયો.

જે લોકો ચર્ચગેટ આવ-જાવ કરે છે એમણે કદાચ નોંધ્યું હશે કે અન્ય કોઈ સ્ટેશન કરતાં અહીં પ્રવાસી વધુ હોય, અને એટલે જ દેખીતી રીતે બૂટ પોલિશવાળા પણ વધુ હોય. વળી અહીં બધાને એટલી ઉતાવળ હોય કે લોકોની એ ઉતાવળને માપીને બૂટ પોલિશવાળા પણ હાથ એ રીતે ચલાવે કે જો તમને ''સારી રીતે બૂટ પોલિશ કરાવવા હોય,'' તો તમે અહીં, ''ના'' જ ઊભા રહો. એક બૂટ પર જેમ તેમ ક્રીમ લગાવી તરત બ્રશને સ્ટેન્ડ પર વગાડી તરત બીજો પગ મૂકવા કહે. હજી અડધી મિનિટ થાય અને તરત પહેલો પગ મૂકવા બ્રશના ડબલ ટકોરા કરે અને પહેલા બૂટને ઘસવાનું શરૂ કરી દે. એવી ઝડપ, એવી ત્વરા મોટા ભાગના પ્રવાસીઓને પણ માફક આવી ગઈ હોય, કારણકે એક કે બે મિનિટનો વિલંબ ક્યારેક એમનો હાફ ડે કરાવી દે.

આ બધું ધ્યાન હોવા છતાં હું એક બૂટ પોલિશવાળા પાસે જઈ ઊભો રહ્યો અને મારી આદત મુજબ પોલિશ પહેલાં જ મેં એને મહેનતાણાનો વીસનો સિક્કો આપી દીધો. એના સ્ટેન્ડનો ગલ્લો ખેંચી એ સિક્કો અંદર મૂકી એણે તરત એક ટૂથબ્રશ લઇ બૂટ અને સોલ વચ્ચેના ઝીણા ખાંચામાંથી માટી સાફ કરવાની શરૂ કરી.

મને એના આટલી શાંતિથી કામ કરવાથી થોડું અચરજ પણ થયું, પણ હજી તો આગળ ''પિક્ચર અભી બાકી હૈ દોસ્ત''ની જેમ એણે પત્તાનાં બે કાર્ડ કાઢ્યાં અને મારા વ્હાઇટ મોજા અને બૂટની વચ્ચે ખોંસી પછી એણે ક્રીમવાળું બ્રશ ફરાવવાનું શરૂ કર્યું. પત્તાનાં એ બે કાર્ડને કારણે નૉર્મલી મોજા પર બ્રશથી જે કાળા ડાઘ પડી જાય એ ના પડ્યા.

હું હજી એને સમજવાનો પ્રયાસ કરી રહ્યો હતો, ત્યાં એણે એક જગ્યાએ સિલાઈના એક દોરોનો છોગો જોયો અને તરત ગલ્લામાંથી એક નાનકડી કાતરથી એ ધાગો કાપી એણે બીજા બૂટ માટે બ્રશ સ્ટેન્ડ પર વગાડ્યું.

મેં આ બારીકાઈને આશ્ચર્ય સાથે જોતાં જોતાં બૅગના આગલા ખાનાથી દસની નોટ કાઢવા હાથ નાખ્યો. વીસની નોટ જ હાથમાં આવી. એ નોટ ગજવામાં મૂકી ફરી બૅગ ફંફોસી. કરી બીજી વીસની નોટ જ હાથમાં આવી.

ત્યાં સુધીમાં એ બીજા બૂટને કપડાથી ચમકાવી, વેક્સની વાદળી ફેરવી ફરી બ્રશ સ્ટૅન્ડ પર વગાડી કામ પત્યાનો ઈશારો કરી રહ્યો હતો. કંજૂસાઈ મૂકી એ નોટ એના હાથમાં મૂકી અને બસ એટલું કહ્યું,

**''અચ્છા કિયા''.**

મને એની આંખોમાં હર્ષની એક ચમક દેખાઈ અને એ ચમક વીસ રૂપિયા વધારે મળ્યાની નહોતી. આખો દિવસ નિરંતર ચાલતા એના કાળી બૂટ પોલિશથી ચમકતા હાથ, અનાયાસ સલામ કરતાં કરતાં પણ જાણે સંતોષ સાથે મને ઘણુંબધું કહી રહ્યાં હતા. આખો દિવસ લોકોનાં પગરખાં ચમકાવવામાં એ મલકતા મલકતા પોતાના કાર્યના સંતોષનો આનંદ અનુભવી રહ્યો હતો.

**''અચ્છા કિયા.''**

આજે વાત છે આ બે શબ્દની, જે આપણે સૌ જાણતા, અજાણતા કહેવાનું ટાળી દઈએ છીએ. વાત છે કોઈના કામને સરાહવવાની, કોઈની ખંત, કોઈની ચીવટ, કોઈની બારીકાઈને નીરખવાની, એની અનુમોદના કરવાની. એ બૂટ પોલિશવાળો જે બારીકીથી, જેટલી શાંતિથી કામ કરી રહ્યો હતો, એ તો નક્કી છે કે એની આસપાસના બધા બૂટ પોલિશવાળાથી એ બહુ ઓછા ગ્રાહકને સંતોષી શકતો હશે પણ એને કોન્ટિટીમાં નહીં, ક્વૉલિટીમાં વધુ રસ હતો. એ પણ ધારત તો બીજા બધાની જેમ બે મિનિટમાં એક બૂટ પાલિશ પૂરી કરી. બીજા ગ્રાહકને બોલાવવા સ્ટૅન્ડ પર બ્રશ ઠપકારી શક્ત. એક ટ્રેન આવે અને એમાંથી પ્રવાસીઓનું ટોળુ નીકળે એટલે વ્યવહારુ માણસ તો એ જ છે જે એ એક જ ટ્રેનના ત્રણ થી ચાર પ્રવાસીઓના બૂટ પોલિશ કરી શકે, પણ આપણા આ ભાઈ કંઈક નોખી માટીના હતા અને બસ એટલે જ એની આ રીતે કામ કરવાની રીતને માટે બે શબ્દ અત્યંત જરૂરી હતા **''અચ્છા કિયા''**, પણ સાથે જ ઘણાના આનાથી વિપરીત મત પણ આવશે.

**૧. એનું કામ જ એ છે. એમાં આભાર શાનો? ''અચ્છા કિયા'' શા માટે?**

બકા. આખા સ્ટેશન પર એવા બીજા પચ્ચીસ બૂટ પોલિશવાળા હતા અને એની એ ખંત, એ ચીવટ, એ બારીકાઈને એના મહેનતાણામાં ના તોલી શકાય. આટલા વિષમ

વાતાવરણમાં પણ એની એ ધગશને જીવિત રાખવા માટે એક **''અચ્છા કિયા''** તો બનતા હૈ.

દરેક વ્યક્તિ માત્ર મહેનતાણા માટે કામ નથી કરતી. મહેનતાણા સિવાય પણ એને કેટલીક અપેક્ષા હોય છે. ટૅક્સીમાં ક્યાંક જઈ રહ્યા હોવ અને જો ચાલક ક્યાંક ઑરેન્જ સિગ્નલ થવાનું હોય અને (સિગ્નલ જમ્પ કરવાને બદલે) એ ધીરેથી ફૂટપાથની પહેલાની સફેદ લાઇન પહેલા કાર રોકી દે, ત્યારે એના ખભા પર હાથ મૂકી કહી જુઓ **''અચ્છા કિયા''** અને પછીની બાકી રહેલી મુસાફરીમાં એ ચાલકની પ્રફુલ્લતા જુઓ, તો તમને આ બે શબ્દનું વજન સમજાઈ જશે.

**૨ અરે સમજ્યા હવે?**

અરે મોડું થઈ રહ્યું છે. લેટ થશે તો ઑફિસમાં હાફ ડે કપાઈ જશે. સમજ્યા હવે. ઘણા લોકો આવા નજીવા કારણ સાથે કોઈને એપ્રિસિયેટ કરવાનું ટાળી દે છે.

મારા ભાઈ, એક ''થેન્ક યુ'' કે ''અચ્છા કિયુ''ના એક મિનિટ પણ નથી લાગતી. પણ સામે આ ના કરવાથી આપણે એ કાળજીપૂર્વક કામ કરતી વ્યક્તિ અને અન્ય ગાફેલ કે બેદરકાર વ્યક્તિ વચ્ચેનો ફરક ભુલાવી દઇએ છીએ. દરેક વ્યક્તિ એને એકસ્ટ્રા વીસની નોટ ના પણ આપે અને એને એવી અપેક્ષા પણ ના હોય, પણ ''થેન્ક યુ'', એક **''અચ્છા કિયા''**ની અપેક્ષા તો આપણે પણ રાખતા જ હોઈએ છીએ

**૩. મારા એકના કહેવાથી કે ના કહેવાથી શું ફેર પડશે?**

કલ્પના કરી જુઓ. ઘરનું કે ઑફિસનું કે સંસ્થાનું કોઈ એક કામ જેના માટે તમે જરૂરથી વધારે સમયનો ભોગ આપ્યો, બધા કરે છે એનાથી અલગ રીતે, વધુ સારી રીતે એ કામ પૂરું કર્યું અને હવે વિચારી જુઓ કે તમારી આ મહેનતને કોઈએ બિરદાવી તો નહીં, પણ કોઈનું ધ્યાન સુધ્ધાં નથી ગયું. બોલો હવે કેવું લાગે છે?

બસ આ જ વાત છે, કે ''અચ્છા કિયા'' શા માટે જરૂરી છે? ખીચોખીચ ભરેલા હૉલમાં માત્ર એક વ્યક્તિ પણ કહી દે ને કે ''તમારી મહેનતથી આ શક્ય થયું છે'', બસ એ એક વ્યક્તિના શબ્દો કદાચ તમને ''આખા હૉલમાં બેઠેલા સાતસો, આઠસો જણાનું ધ્યાન નથી ગયું'' એ વાત ભુલાવી શકે છે.

આજે આ વાત એક બૂટ પોલિશવાળાની નથી. વાત છે **''અચ્છા કિયા''**ની, વાત છે દરેક વસ્તુ, દરેક વ્યક્તિને ''ટેકન ફોર ગ્રાન્ટેડ'' લેવાના આપણા અભિગમની.

૧. જ્યાં કોઈ હેલમેટ પહેરતું ના હોય કે સુરક્ષાના નિયમોને ધોળીને પીને ટુ વ્હીલરને SUV સમજી જ્યાં પાંચ જણા સવારી કરતાં હોય એવા સમયમાં કોઈ સ્કૂટર પર નાના બાળકને એની સલામતી માટે નાનકડી હેલમેટ પહેરાવી હોય, તો એને કહેવું જરૂરી છે **''અચ્છા કિયા''.**

૨. મુન્નાભાઈ MBBSનું એ દૃશ્ય યાદ કરી જુઓ. સ્કૂલ, કૉલેજ, ઑફિસ કે અન્ય સ્થળે જ્યાં કોઈ સફાઈવાળો સફાઈ કરી રહ્યો હોય. ફિલ્મની જેમ એને જાદુની ઝપ્પીની જરૂર નથી પણ તમે ત્યાંથી પસાર થશો એટલે એણે મારેલા પોતામાં ફરી એક પગલાનું નિશાન થઈ જશે.

ત્યાં પગ મૂકતાં પહેલાં એકવાર એને સોરી કહીને વ્યક્ત કરો કે તમારે નાછૂટકે ત્યાં એક-બે પગલાં કરીને પસાર થવું પડશે. ગૅરેન્ટી સાથે કહું છું તમારા કાંઈપણ વ્યક્ત કર્યા વિના ત્યાંથી પસાર થવામાં અને સોરી અને પછી થેન્ક યુ કહીને પસાર થવામાં એ સફાઇ કર્મચારીના વર્તનમાં તમે જે તફાવત નોંધશો એ તમને જીવનભર યાદ રહી જશે.

૩. રોજબરોજની ભાગમભાગમાં મિત્રો સાથે વારે-તહેવારે પણ માત્ર એક મૅસેજ જેટલો વ્યવહાર માંડ રહ્યો હોય એવામાં કોઈ મિત્ર ''કોઈ કામ વિના'' માત્ર આપણી સાથે વાત કરવા ફોન કરે.

આપણે પૂછતાં રહીએ કે, ''કાંઇ કામ હતું'' અને એ ભોંઠપ સાથે કહેતો રહે. ''ના ભાઈ, એમ જ તારી સાથે ઘણા સમયથી વાત નથી થઈ એટલે ફોન કર્યો''.

ત્યારે ફોન મૂકતાં પહેલાં કહી જુઓ, ''થેન્ક યુ ફોર કૉલિંગ'' કે પછી ''અચ્છા કિયા, તુને ફોન કિયા. અચ્છા લગા'' (આઈ એમ સ્યોર. એ મિત્રની વિનાકારણે ફોન કરવાની ભોંઠપ ઓગળી જશે)

૪. તમે ઑફિસમાં જ્યાં સુધી બેઠા છો, પ્યૂન પણ છેલ્લે ઑફિસ બંધ કરવા માટે તમારી સાથે બેઠો રહેવાનો છે. ગમે ત્યારે તમારી પાણી કે ચા કે કોઈ ફાઇલ માટે બેલ વાગશે એ ઉચાટમાં એ પોતાના ઘરે ફોન કરીને એ પણ નથી કહી શક્યો કે આજે મોડું થશે.

કોઈ એક દિવસ ઑફિસ બંધ કર્યા પછી લિફ્ટમાં એ જ્યારે તમારી બૅગ ઊંચકવા હાથ લાંબો કરે ત્યારે સ્મિત સાથે કહો, ''ભાઈ, તું ક્યો મેરે લિયે રોજ લેટ બેઠતા હૈ. મેરે કો ચાબી દેકે ચલે જાને કા''.

(શું માનો છો, આપણે આ કહીશું તો કાલથી એ ૬.૩૦ વાગ્યે તમને ચાવી આપીને નીકળી જશે. જો એમ માનતા હો તો એકવાર આ પ્રયોગ કરી જુઓ. એનો તમારા પ્રત્યેનો અને તમારો એનો પ્રત્યેનો આદર વધે તો એકવાર પગદંડીને પણ મૅસેજ કરી દેજો કે ''યે તંત્રીલેખ લીખ કે અચ્છા કિયા'')

૫. રોજ જમતી વેળા, ''આજે શાકમાં મીઠું વધારે છે'' કે ''આજે છાશ પાણી જેવી છે''ની ફરિયાદો તો કેટલી હાથવગી હોય છે. તો ક્યારેક યાદ રાખીને આપણે જ્યારે પંખા નીચે ટીપોય પર પગ ચડાવી રિમોટથી ચૅનલો બદલી રહ્યા છો, એ સમયે રસોડામાં પંખા વિના, સવારથી ખડેપગે ઊભી આપની ગૃહલક્ષ્મીને એટલું જરૂર કહો કે, ''આજે રસોઈ મસ્ત હતી'' કે અંગૂઠો દેખાડીને થમ્સ અપ કે પછી માત્ર **''અચ્છા કિયા''**.

(રોજબરોજની નાની નાની ઘટનાઓમાં આપ ક્યાં ''અચ્છા કિયા'' કહો છો કે હવે કહેવાનું શરૂ કર્યું. એવા આપના સ્વાનુભવો ખિસકોલીના અન્ય વાચકો સુધી પહોંચાડવા વિનંતી અને આગોતરા આભાર)

**- સંજય ચંદનબેન વિસનજી છેડા**

- રતાડિયા ગણેશવાલા, **મો.: ૯૮૯૨૮૧૫૩૬૭**

---


# મુલચંદ લાલજી એન્ડ કું.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai-400001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai-400001.

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# પ્રમુખશ્રીની કલમે



ડૉ. ચંદ્રકાંત મણિબેન નાનજી લાલન

## વિચારકણિકા

### આપણો ઈતિહાસ

આજે ભારત વિકસિત દેશ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. અનેક જોઈ શકાય, માણી શકાય એવાં વિકાસનાં કાર્યો આપણી સમક્ષ છે, પણ આ વિકાસમાં આપણે આપણા સમાજની સંસ્કૃતિ અને વારસાનો પ્રવાહ ક્યાંય ખોવાઈ ન જાય એ જોવું જરૂરી બની જાય છે. સમાજ એટલે સહઅસ્તિત્વમાં રહેતો માનવસમૂહ. પણ આ માનવસમૂહની ઘટનાઓના અને વિચારોના તંતુ સાથે સંકળાયેલી વાતોની એક માળા એટલે ઈતિહાસ.

રોમન ઈતિહાસકાર સિસેરોએ બે હજાર વર્ષ પહેલાં કહ્યું હતું, કે જે માણસ પોતાના જન્મ પહેલાંની ઘટનાઓ વિશે અજ્ઞાત રહે છે એ હંમેશાં બાળક જ રહી જાય છે. માવનજાત આજે વિવિધ સમાજોના સમૂહમાં રહે છે અને સમાજની સાથે સંકળાયેલાં બનાવો અને કૃત્યોની વાર્તાઓ એ ઈતિહાસ છે. આપણે આજે જે સ્થાન ઉપર છીએ તે સ્થળ સુધી પહોંચવાની યાત્રાનું નિરૂપણ એ ઈતિહાસ છે. ઈતિહાસ સાર્વજનિક ઘટનાઓનો તાલમેલ રાખે છે.

આપણે એટલે કે કચ્છ અને કચ્છમાં વસતી વિવિધ જાતિસમૂહમાં રહેતા માનવસમૂહનો ઈતિહાસની વિગતવાર તપાસ કરીએ તો એમાં રાજાશાહીના સમયમાં રાજ પરિવાર માટે લખાયેલો જણાઈ આવેલો દેખાય છે. કચ્છના ઈતિહાસનું ચિંતન - મંથન કે સંશોધન જોઈએ એટલું થયું નથી. સત્યનિષ્ઠ - પ્રજાપક્ષી કે સમાજની પ્રગતિના વિકાસનું આલેખન કરતા ઈતિહાસની ખાસ જરૂરિયાત આજે પણ દેખાઈ આવે છે.

મારો ઈતિહાસ, મારો પરિવાર - મારા સમાજનો કે મારા કચ્છ પ્રદેશનો ઈતિહાસ મારા માટે ગર્વ, ગૌરવ આપનાર હોવો જરૂરી છે.

દરેક જ્ઞાતિ કે સમાજની પોતાની આગવી સંસ્કૃતિ હોય છે. સમયની સાથે આવતા-જતા સામાજિક - રાજકીય અને આર્થિક બદલાવોની સાથે આપણા ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય સાથે અનન્ય સંબંધ હોય છે. પોતાના સંતાન માટે જનેતાની જેવી માવજત હોય છે. એવી માવજત ઈતિહાસ આલેખનમાં હોવી જરૂરી છે. આપણી જ્ઞાતિનો ઈતિહાસ ભાતીગળ છે. એ સમયના જોગ-સંજોગ સાથે આપણી યાત્રા ખૂબ જ ચડાવ-ઉતાર સાથેના સંઘર્ષની છે. એ યાત્રા દરમિયાન, આપણા જીવનમાં આમુલ ફેરફારો પણ આવેલ છે. આપણા પૂર્વજ વડીલો એ પોતાની સંસ્કૃતિના જતન માટે જે પડકારોનો સામી છાતીએ સામનો કરેલ એ બધાની વિગતો આપણી આવનાર પેઢી માટે પ્રથદર્શક બની રહેવાની. આપણી જ્ઞાતિની યાત્રા એ વખતનાં રાજકીય અને સામાજિક પરિબળો અને કુદરતી પરિબળો ઉપર આધારિત હતી અને કચ્છમાંથી ભારતનાં વિવિધ સ્થળો ઉપર સ્થળાંતરિત થવાની વાતોનો એક મોટો ઈતિહાસ પણ ખાસ નોંધ માંગી લે એવો છે.

આપણી જ્ઞાતિ આજે બહુમતીમાં મુંબઈમાં વસવાટ કરે છે અને મુંબઈમાં આવીને આપણા વડીલો એ શરૂઆતનાં વર્ષોમાં અનાજના વ્યાપારના માધ્યમ દ્વારા આમજનતામાં કચ્છીમાડુ તરીકે પોતાની આગવી ઓળખ ઊભી કરી હતી. સામાજિક અને બદલાતાં રાજકીય પરિબળો સાથે કુનેહસભર વ્યવહાર કરી આજે એક સન્માનીય સમાજ તરીકેની છાપ ઊભી કરેલ છે. આ બધા સંઘર્ષોના ભાગીદાર થયા હોય એવી વયસ્ક વ્યક્તિઓ હજી પણ આપણી વચ્ચે છે અને એમની પાસેથી આપણા ઈતિહાસના આલેખન માટે મદદ થાય એવી અઢળક માહિતીઓનો ભંડાર પણ છે, પણ અને પણ આપણે સૌએ સહિયારાં પ્રયત્નો કરી એમની વાતોનું સુંદર સંકલન કરી એક વણલખાયેલ ઈતિહાસ આપણી આવનાર પેઢી માટે તૈયાર કરવો જ પડશે.

હવે આવી વ્યક્તિઓ પાસેથી આ માહિતીની આપ-લે કરવા માટે આપણે સમય સાથે બાથ ભીડવી જ રહી અને આ બધી વાતોનું વ્યવસ્થિત documention માટે કદાચ Audio/ Visual ટૅકનોલોજી અપનાવરી પડશે અને આવા પ્રયત્નો માટે તજજ્ઞ વ્યક્તિઓની શોધ કરવી પડશે. આ માટેના પ્રયત્નો અમુક ખાસ વ્યક્તિઓ દ્વારા થઈ રહ્યા છે, પણ આપણી પોતાની સામાજિક સંસ્થાઓ જોડાય તો આપણે આપણી આગવી સંસ્કૃતિના સંરક્ષક બનીને આપણા વૈભવી વારસાની ભેટ આવનાર પેઢીને આપી શકીશું.

**મો. : ૯૩૨૨૯૫૫૮૮૦**

# વિજયનગર હિંદુ સામ્રાજ્ય ઉદયથી અસ્ત



* કિરણ શાંતિબેન રતનશી વિસરિયા *

પગદંડીના આ અંકના મુખપૃષ્ઠ પર છપાયેલ જીર્ણ અવશેષો દ્વારા વિજયનગર સામ્રાજ્યની સમૃદ્ધિનો વૈભવી ઈતિહાસ આ લેખ દ્વારા રજૂ કરેલ છે.

---

આજે તમને વાત કરવી છે એક એવા ગૌરવશાળી હિંદુ સમ્રાજ્યની જેની ગણના દુનિયામાં એક અત્યંત સુંદર અને સમૃદ્ધ સામ્રાજ્ય તરીકે આજથી લગભગ ૬૦૦ વર્ષ પહેલાં થતી જેનો પ્રાચીન ઈતિહાસ જાણીને દરેક ભારતીયને ગર્વની લાગણી થયા વગર ન રહે.

ભારતના દક્ષિણમાં આવેલા કર્ણાટકમાં તુંગભદ્રા નદીના કિનારે બે હિંદુ ભાઈઓ હરિહર અને બુક્કાએ ૧૩૩૬માં હિંદુ રાજ્ય વિજયનગરની સ્થાપના કરી. આ બંને ભાઈઓને કલ્પના પણ નહીં હોય કે તેમણે સ્થાપેલા આ નાનકડા હિંદુ સામ્રાજ્યની સીમાઓનો એટલો વિસ્તાર અને વિકાસ થશે કે તેની કીર્તિ આખાય વિશ્વમાં ફેલાશે. વિજયનગરનો અર્થ થાય 'City of Victory' જે આજે કર્ણાટકમાં આવેલા ઐતિહાસિક શહેર 'હમ્પી' તરીકે ઓળખાય છે અને UNESCOની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન પામ્યું છે.

વિજયનગર સામ્રાજ્યનાં કલાત્મક સ્થાપત્યોના જીર્ણ અવસ્થામાં ઊભેલા ખંડેરો જાણે જાજરમાન ઈતિહાસનું વર્ણન કરે છે. દેશ-વિદેશથી આવતા લાખો યાત્રિકોને અચંબિત જ નહીં, પણ વિચારતા કરી દે છે કે જો ખંડેર આટલા આકર્ષક છે તો આ નગરી જ્યારે પોતાના સુર્વણકાળમાં હશે ત્યારે એનો મહિમા અને વૈભવ કેવો હશે?

વિજયનગર સામ્રાજ્યનો ઈતિહાસ લગભગ ૩૦૦ વર્ષથી વધારે છે. પણ જે ઉદયથી અસ્ત ૧૩૩૬-૧૫૬૫ લગભગ ૨૩૦ વર્ષનો ઈતિહાસ છે એ ખૂબ રસપ્રદ છે.

વિજયનગર સામ્રાજ્યની આ ૩૦૦ વર્ષના શાસન દરમ્યાન એની ધૂરા (ચાર) ૪ રાજવંશો દ્વારા સંભાળવામાં આવી.

**૪ રાજવંશોના નામ અને રાજકીય કારકિર્દી**

૧) **સંગમા રાજવંશ (૧૩૩૬-૧૪૮૫)**
સંગમા રાજાના બે પુત્રો દ્વારા સ્થાપના થઈ એટલે વધારે મહત્ત્વ અને સૌથી લાંબો કાળ. એકંદરે એમનું શાસન સારું અને પ્રગતિશીલ રહ્યું.

**૨) સાલુવા રાજવંશ (૧૪૮૫-૧૫૦૫)**
આ સૌથી અલ્પ કાળ હતો જે સંઘર્ષમય હતો.

**૩) તુલુવા રાજવંશ - (૧૫૦૫-૧૫૬૫)**
જે વિજયનગર સામ્રાજ્યનો સૌથી સમૃદ્ધિ અને સોનેરી કહી શકાય એવો કાળ હતો. છેલ્લે ગૌરવવંતા સામ્રાજ્યના પતનનો પણ સાક્ષી રહ્યો.

૪) અરાવડુ રાજવંશ (૧૫૭૦-૧૬૫૦)
આ ફરી લાંબો કાળ રહ્યો પણ પતન પછી તે સંઘર્ષમય અને નબળો કાળ રહ્યો.

હવે આપણે આવીએ વિજયનગર સામ્રાજ્ય સ્થાપિત કરનાર હરિહર અને બુક્કાના ઈતિહાસ તરફ. આ એ સમય હતો જ્યારે દિલ્હીમાં શક્તિશાળી મોગલ બાદશાહ મોહમદ બીન તુગલકનું રાજ હતું. કપટ અને કાવાદાવાઓથી ખરડાયેલું એનું ચરિત્ર એક ખલનાયક જેવું હતું. પોતાના રાજ્યનો વિસ્તાર વધારવા બીજાં રાજ્યો પર ચડાઈ કરતો. એણે ૧૩૨૭ દક્ષિણ ભારતમાં આવેલા કામ્પીલી રાજ્ય પર ચઢાઈ કરી કામ્પીલ રાજાની હત્યા કરી એના બે મંત્રીઓ હરિહર અને બુક્કાની ધરપકડ કરી દિલ્હી લઈ ગયો. બન્નેની હોશિયારીથી પ્રભાવિત થઈ એમને બળજબરી મુસ્લિમ ધર્મ અંગીકાર કરાવી પોતાની સાથે રાખ્યા. ઘણા રાજ્યોમાં મોહમદ બીન તુગલકની સામે રોષ વધવા માંડ્યો હતો અને તેની વિરુદ્ધ ચળવળો શરૂ થઈ હતી. દક્ષિણ ભારતમાં પોતાની સામેના જનઆંદોલનને કચડી નાખવા એણે બંને ભાઈઓને દક્ષિણમાં મોકલ્યા જ્યાં બંને ભાઈઓનો ભેટો એમના ગુરુ વિદ્યારણ સાથે થયો. ગુરૂની સલાહથી એમણે પોતાનું શુદ્ધિકરણ કરાવી પાછો હિંદુ ધર્મ અંગીકાર કર્યો અને ૧૩૩૬માં વિજયનગરની હિંદુ રાજ્ય તરીકે સ્થાપના કરી.

હરિહર-I પ્રથમ (૧૩૩૬-૧૩૫૬)- સંગમા રાજવંશના પહેલા રાજા તરીકે મોટા ભાઈ હરિહરા ગાદી પર બેઠા. એમણે પોતાની સૈન્ય શક્તિ વધારી અને હોયસલા, કદમ્બ, મદુરાઈ જેવા રાજ્ય જીતીને પોતાની સીમાઓ વધારી. બે સમુદ્ર બંગાલની ખાડી અને આરબ સમુદ્રના કિનારાનાં રાજ્યો પર વિજય મેળવી. એમને બે સમુદ્રના અધિપતિની ઉપાધિ મળી. એકંદરે એમણે પોતે સ્થાપેલા સામ્રાજ્યનો સારો વિકાસ કર્યો અને વિસ્તાર વધાર્યો. હરિહર પ્રથમનું ૧૩૫૬માં મૃત્યુ થતાં બુક્કા (૧૩૫૬-૧૩૭૭) રાજા બન્યા. બુક્કા પોતે વિદ્વાન હતા અને એમણે તેલગુ સાહિત્યને ખૂબ પ્રોત્સાહિત કર્યું. હિંદુ ધર્મનો પણ પ્રચાર કર્યો. એમને 'ત્રણ સમુદ્રના અધિપતિ'ની ઉપાધિ તથા 'વેદ પ્રતિસ્થાપક'ની ઉપાધિથી નવાજવામાં આવ્યાં. વિજયનગર સામ્રાજ્યની ઉપર ઉત્તર

દિશાને અડીને બાહ્મની સામ્રાજ્ય આવેલું હતું. જે મુસ્લિમ સામ્રાજ્ય હતું. બાહ્મની રાજ્ય પોતાની રાજ્યસીમાનો વિસ્તાર વધારવા તથા તુંગાભદ્રા નદી અને કૃષ્ણા નદીની વચ્ચે આવેલ ફળદ્રુપ જમીન જેને રાયપુર દોઆબ તરીકે ઓળખાતું એના ઉપર કબજો કરવા વિજયનગર સાથે અવારનવાર ઘર્ષણ કરતું. બુક્કાએ ખૂબ હોશિયારીથી બાહ્મની સામ્રાજ્ય પર ચઢાઈ કરી તુંગભદ્રા, કૃષ્ણા અને કાવેરી નદીઓ વચ્ચેની ખૂબ જ ઉપજાઉ જમીન પર કબજો મેળવી બાહ્મની સામ્રાજ્યને કૃષ્ણા નદીથી દૂર હડસેલી નાખ્યું. કૃષ્ણા નદીને બંને સામ્રાજ્યો વચ્ચેની સરહદ બનાવી દીધી. ફળદ્રુપ જમીનને કારણે મબલક પાક થવા લાગ્યો. કૃષિ ઉત્પાદનના કર થકી રાજ્યની આવકમાં ધરખમ વધારો થયો. બુક્કાએ પોતાનું પ્રતિનિધિ મંડળ ચીન મોકલાવ્યું. જેથી વ્યાપારની શકયતાઓ જાણી શકાય. આમ બુક્કાએ પણ પોતાના સામ્રાજ્યના વિકાસમાં સારું યોગદાન આપ્યું.

હરિહર-II દ્વિતિય (૧૩૭૭-૧૪૦૪) બુક્કાના મૃત્યુ પછી હરિહર પ્રથમનો પુત્ર હરિહર દ્વીતિય રાજગાદી પર બેઠા. પોતે વિદ્વાન તથા સાહિત્યકાર હતા. એ પોતે વિદ્વાનોનું ખૂબ સમ્માન કરતા. તેથી એમને 'રાજ વ્યાસ' 'રાજ વાલ્મિકી'ની પદવી આપવામાં આવી. એમણે કનારા, મૈસુર, કાંચી, ત્રિચિનાપલ્લી રાજ્ય જીત્યાં તથા બાહ્મની સામ્રાજ્ય પાસેથી બેલગાંવ અને ગોવા, ડાભોલ પણ ઝૂંટવી લીધાં અને ઠેઠ સિલોન (શ્રીલંકા) - Ceylon ને પણ પરાજિત કર્યું, પણ કબજો ન લેતાં એના બદલામાં અમુક રકમ કર પેટે ઉઘરાવવાનું શરૂ કર્યું. હરિહર-II શિવના એક અવતાર વિરૂપક્ષ (Veerupaksha) ના મોટા ભક્ત હતા. સાથે બીજા ધર્મને પણ સમ્માન આપતા હતા.

હરિહર-II ના મૃત્યુ પછી દેવરાયા પ્રથમ (ઈ.સ.૧૪૦૬-૧૪૨૨) રાજા બન્યા. એમના સમયમાં આંતરિક વિખવાદ પણ થયો. બાહ્મની સામ્રાજ્યના રાજા તાજઉદ્દીન ફિરોઝ શાહે વિજયનગર પર આક્રમણ કરી એમને પરાજિત કર્યા અને પોતાની દીકરીના લગ્ન એમને ફિરોઝ શાહ સાથે કરવા પડ્યાં. દેવરાયા પ્રથમે તુંગભદ્રા નદી પર બંધ બનાવ્યો. ખેડૂતો માટે સારી સિંચાઈ યોજનાઓ બનાવી. અમૂક વર્ષ પછી એમણે સૈન્ય બળ તૈયાર કરી બાહ્મની સામ્રાજ્ય પર આક્રમણ કરી એમને પરાજિત કરી પોતાનો બધો વિસ્તાર પાછો મેળવી લીધો. એમના શાસનકાળમાં તેલુગુના પ્રખ્યાત કવિ એમના દરબારની શોભા વધારતા હતા. અને ઈટલીનો યાત્રી (Nicolo Conty) નિકોલો

કોન્ટી આવ્યો હતો જેણે વિજયનગર સામ્રાજ્ય અને દેવરાયા-I વિશે પોતાના લખાણમાં ઘણી માહિતી આપી છે.

દેવરાયા-II દ્વિતિય (ઈ.સ. ૧૪૨૨-૧૪૪૬) - સંગમા રાજવંશના દેવરાયા-II પણ પરાક્રમી રાજા હતા. એમને 'ગજબેટકર'ની ઉપાધિ મળી હતી, જેનો અર્થ હાથીનો શિકારી એમ થાય છે. એમણે પોતાના રાજ્યાભિષેક વખતે મુસ્લિમ ધર્મનું પવિત્ર કુરાન પોતાની પાસે રાખ્યું હતું. તેઓ બધા ધર્મનું સમ્માન કરતા હતા. એમની ન્યાય અદાલતમાં ક્રિશ્ચિયન વકીલ હતા. એમણે પોતાના સૈન્યમાં ઘણા મુસલમાન સૈનિકોને ભરતી કર્યા હતા અને હિંદુ સૈનિકોને એમની પાસેથી યુદ્ધ કલા શીખવા સૂચનાઓ આપી હતી.

એમણે પોતાની રણનીતિ અને તાકતવર સૈન્યના સથવારે ઓરિસ્સાના ગજપતિ રાજાઓને પરાજિત કર્યા. બાહ્મની સામ્રાજ્ય સાથે પણ યુદ્ધ કર્યું, જેમાં બહુ સફળતા ન મળી. દેવરાયા-II પોતે સંસ્કૃતના વિદ્વાન હતા. એમણે સંસ્કૃતમાં બે પુસ્તક 'મહાનાયક અને શુભનિધી' લખ્યાં હતાં. એમના રાજમાં સાહિત્ય અને સાંસ્કૃતિક કાર્યોનો ખૂબ વિકાસ થયો. પ્રખ્યાત 'હજારા મંદિર' એમણે બંધાવ્યું હતું. એમના સમયમાં અબ્દુલ રઝાક નામનો ફારસી યાત્રી ત્યાંના રાજા શાહરુખના પ્રતિનિધી તરીકે વિજયનગર આવ્યો હતો. ૧૪૪૬માં દેવરાયા-IIનું મૃત્યું થયું.

મલ્લિકાર્જુન (ઈ.સ. ૧૪૪૬-૧૪૬૫)- મલ્લિકાર્જુન રાયે તેમના પિતા દેવરાયા બીજાનું સ્થાન લીધું જેમણે વિજયનગર સામ્રાજ્યને વધુ સમૃદ્ધ બનાવ્યું અને સંગમા રાજવંશ માટે સુવર્ણયુગ પણ લાવ્યો હતો. જો કે તેમના પિતાથી વિપરીત મલ્લિકાર્જુન એક નબળા અને ભ્રષ્ટ શાસક હતા. શરૂઆતમાં તેમણે બાહ્મની સલ્તનત અને ગજપતિ સામ્રાજ્યનાં આક્રમણો સામે સફળતાપૂર્વક પોતાના સામ્રાજ્યનો બચાવ કર્યો, પણ પછીથી સતત એમને હારનો સામનો કરવો પડ્યો. ઈ. સ.૧૪૫૦ સુધીમાં બાહ્મની સલ્તનતે વિજયનગર સામ્રાજ્યના મોટા ભાગ ઉપર કબજો કરી લીધો અને ગજપતિઓએ ઈ.સ. ૧૪૫૪ થી ૧૪૬૩ સુધી ઉદયગિરિ અને ચંદ્રગિરિ પર વિજય મેળવ્યો. આ ઘટનાઓને કારણે આખરે સંગમા રાજવંશનું પતન થયું. મલ્લિકાર્જુનના ભત્રિજા વિરૂપક્ષરાય બીજાએ ગાદી કબજે કરવાની તક ઝડપી લીધી. તે પછી મલ્લિકાર્જુનનું શું થયું એ અજ્ઞાત છે.

**વિરૂપક્ષ (ઈ.સ. ૧૪૬૫ -૧૪૮૫)**

મલ્લિકાર્જુન પછી વિરૂપક્ષ રાજા બન્યા વિજયનગર સામ્રાજ્યની પરિસ્થિતિ ખાસ સારી ન હતી. ગોવા, કોંકણ અને ઉત્તર કર્ણાટક પણ એમાંથી છૂટા પડી ગયા હતા. એટલે સામ્રાજ્યની શાખમાં ઓટ આવી હતી અને પોતાના વિનાશક અંત નજીક પહોંચી ગયો તે પણ પોતાને વધુ સારો શાસક

હોવાનું પુરવાર ન કરી શક્યો. આવી ડામાડોળ અને કપરી પરિસ્થિતિમાં વિજયનગર સામ્રાજ્યમાં આવતા ચંદ્રગિરિ રાજ્યનો ગર્વનર સાલુવ નરસિંહ આગળ આવે છે. પોતાની હોશિયારી અને નિષ્ઠાના પ્રતાપે બાહ્મની સામ્રાજ્ય અને ઓરિસ્સાના ગજપતિ રાજાઓ સાથે યુદ્ધ કરી બધાં હારી ગયેલાં રાજ્યો પાછાં મેળવે છે અને વિજયનગર સામ્રાજ્યની પ્રતિષ્ઠા પાછી મેળવે છે. અહીં પરિસ્થિતિમાં એક મોટો બદલાવ આવે છે. સાલુવ નરસિંહનો સેનાપતિ નરશા નાયક છે. એ બદલાયેલી પરિસ્થિતિનો લાભ લઈને રાજા વિરૂપક્ષના રાજમહેલ પર કબજો કરી લે છે. અને પોતાના માનીતા સ્વામી ઉપરી એવા સાલુવ નરસિંહને રાજા બનવા આગ્રહભર્યું નિમંત્રણ આપે છે. સાલુવ નરસિંહ રાજા બને છે. વિરૂપક્ષની હત્યા કરવામાં આવે છે. વિજયનગર સામ્રાજ્યના ઈતિહાસમાં આ ઘટનાને 'પ્રથમ બળપ્રહાર' તરીકે ઓળખવામાં આવે છે. જ્યાં પ્રથમ વખત બળપ્રયોગથી હત્યા કરી રાજ્યનો કબજો મેળવવામાં આવ્યો છે. અને ૧૫૦ વર્ષના સંગમાં રાજવંશના રાજનો અહીં અંત આવે છે.

ક્રમશ

કોટડા (રોહા), ગામદેવી
મો.: ૯૩૨૨૨ ૩૪૮૪૭

Since 2000
100% Pure Vegetarian
श्री गणेश श्री
मिठाई फरसाण बेकरी
Our Products
Bakery & Confectionery • Cakes & Patisserie
Indian Sweets • Hot Farsan
Dry Farsan • Low Calorie Food (Diet Food)
100% PURE JAIN PRODUCTS
3, Minesh Park, Chandavarkar Road, Borivali (W), Mumbai - 400 092
72 77 88 33 55 / 800 9955 443

# ભાવનિક શોષણ : Emotional Abuse



ડૉ. શિરીષ ભાનુમતીબેન ચુનીલાલ માલદે

લગ્નજીવનનો મૂળ પાયો પરસ્પર આદર, પ્રેમ, સહકાર, એકબીજાને પૂરક થવાની વૃત્તિ અને પરસ્પર સ્વીકાર પર રહેલો છે.

વિવાહ પછી ખાધું, પીધું ને મોજ કરી એ માત્ર સિનેમા પૂરતું મર્યાદિત હોય છે. વાસ્તવિકતામાં વિવાહ પછી જ સહજીવનમાં પતિ-પત્ની વચ્ચેના પરસ્પર વ્યવહાર પ્રકાશમાં આવે છે. લગ્ન પહેલાંના સમયગાળા દરમ્યાન એકબીજાંને ઈમ્પ્રેસ કરવામાં અને લગ્ન જીવનનાં સોહામણાં સપનાં જોતાં જોતાં ઘણી અગત્યની વાતો વિસરાઈ જતી હોય છે.

લગ્ન બાદ, ઓછા-વત્તા સમયમાં પતિ પત્ની બંનેને અપેક્ષાથી કંઈક અલગ વ્યવહાર કે પરિણામ જોવા મળે છે ત્યારે મનમાં ઘણી ગડમથલ શરૂ થઈ જાય છે. ''શરૂઆત છે એટલે આવું થાય, પછી થઈ જશે બધું બરાબર'' એવો આશાવાદ રહે છે. સકારાત્મક દ્રષ્ટિકોણ રાખીને જીવન આગળ વધારવાનો પ્રયાસ જારી રહે છે. એકબીજાંને માઠું ન લાગે તેની તકેદારી લેતાં પોતાની વાત રાખવાનો પ્રયત્ન ચાલુ થાય છે. સમય જતા વ્યક્તિના મૂળ ગુણથી પરિચય થવા માંડે છે. બંને પાર્ટનર તણાવ ઊભો ન થાય તેવી સાવચેતી પોતાની સમજણ પ્રમાણે લેતાં હોય છે તે છતાંય અમુક બાબતમાં સંઘર્ષ શરૂ થઈ શકે છે. બંને પાર્ટનર જો સમજદારીથી કામ ન લે તો વિવિધ વિષયો પર ગેરસમજ નિર્માણ થઈ શકે છે. લાઈફસ્ટાઈલ અને દિનચર્યામાં વિષમતા ઘણી વધારે હોય, નીતિમૂલ્યોમાં અસમાનતા હોય કે પછી પોતાનો વિવિધ બાબતમાં અપેક્ષાભંગ થતો હોય. આર્થિક બાબતમાં સમજૂતીનો અભાવ હોય, ખર્ચની પેટર્નમાં ઘણી ભિન્નતા હોય કે પછી જાતીય અસંતોષ હોય આવા અનેક કારણો થકી અણબનાવનાં બીજ રોપાય છે. તે સિવાય પરસ્પર જવાબદારીની વહેંચણીમાં અસમાનતા હોય, બાંધછોડ કરવાની વૃત્તિનો અભાવ હોય, અવાસ્તવિક અપેક્ષાઓ હોય, અસુરક્ષિતતા ની ભાવનાં હોય, કરેલા કામની કદર ન થતી હોય જેવા અનેક કારણોથી લગ્ન જીવનને ગ્રહણ લાગે છે.

આવે વખતે બંને પાર્ટનર પોતાનો અનુરૂપ થાય એવી રીતે બીજા પાર્ટનરમાં બદલાવ લાવવાની કોશિશ કરે છે, તો ક્યારેક પરિસ્થિતિને બદલવાનો પણ પ્રયાસ થાય છે. જ્યારે આ બંને પ્રયત્નોમાં ધારી સફળતા મળતી નથી ત્યારે પોતાની ખીજ બતાવવા

પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પાર્ટનરનો ત્રાસ આપવાનું અથવા તેનું શોષણ શરૂ થાય છે. શારીરિક શોષણને ઘરેલુ હિંસા અથવા ડોમેસ્ટિક વાયોલન્સ કહીએ છીએ અને જો આ શોષણ માનસિક સ્તર પર હોય તો તે ઇમોશનલ અબ્યુઝ અથવા ભાવનિક શોષણ કહેવાય છે.

પુરુષો દ્વારા કરાતા શોષણ વિશે ઘણું કહેવાયું છે અને લખાયું છે, પણ તેનાથી ઊલટું, એટલે સ્ત્રીઓ દ્વારા થતા પુરુષોના ભાવનિક શોષણ વિશે ભાગ્યે જ વાત થાય છે. આજે આપણે આ બાબતમાં થોડા ઊંડા ઊતરીએ.

પુરુષોની છબી સદીઓથી જ એક મજબૂત, ધરખમ વ્યક્તિ તરીકે ઊભી કરવામાં આવી છે. જેમાં લાગણીઓ હોય જ નહીં, તેમને કોઈ દર્દ થાય જ નહીં એવી જડ જણસ એટલે પુરુષ.

અત્રે એ વાતની ચોખવટ કરું કે બધા જ અણબનાવના કિસ્સામાં ભાવનિક શોષણ નથી થતું, પણ અમુક સ્ત્રીઓ તેનો બખૂબી ઉપયોગ કરી જાણે છે. દરેક વાતમાં પોતાનું આધિપત્ય (ડોમિનન્સ) સ્થાપવાની પર્સનાલિટી ધરાવનાર યુવતીઓ કે પિયરમાં એવા જ વાતાવરણમાં ઉછેર વગેરે કારણ હોઈ શકે છે. સ્ત્રીઓ મોટે ભાગે પુરુષો સામે બળપ્રયોગ કરતી નથી પણ તેઓ કળથી એટલે કૂટ નીતિ અપનાવીને રાજનીતિ કરીને દોષનો બધો ટોપલો પતિ પર ઢોળીને ઉલટાનું પોતે શોષિત હોય તેવું પુરવાર કરી શકે છે.

નીચે જણાવ્યા મુજબ વિવિધ રીતે સ્ત્રીઓ તેમના પતિનું ભાવનિક શોષણ કરતી હોય છે:

### ૧. નીચુ દેખાડીને (તેજોવધ)

- અણઆવડત, ઓછી આવક, ઓછી સમજ કે પછી દેખાવ, પહેરવેશ કે અન્ય નબળાઈને હથિયાર બનાવીને ઘરમાં કે જાહેર સ્થળો પર પતિનું વારંવાર અપમાન કરવું. તેમને નીચાજોણું થાય તેવી રીતે ઉતારી પાડવું.
- નુકસાન થાય કે નિષ્ફળતા મળે ત્યારે પતિને દોષી કરાર કરી દેવું અને અન્ય પુરુષોનાં વખાણ કરવા.
- વારંવાર જૂઠું બોલવું.

### ૨. પતિનું સૌજન્ય ન રાખવું

- પોતાના અંગત નિર્ણાયો તો ઠીક છે, પણ બંને સાથીદારોએ ભેગા મળીને લેવાના હોય તેવા નિર્ણાયો પણ જાતે લઈ લેવા. ''એમાં તમને પૂછવું શું'' એમ કહીને પતિના મતની કે ઓપિનિયનની કોઈ જ કિંમત ન આંકવી.
- પિયર ક્યારે જવું ? કેટલા દિવસ માટે જવું ? એવા બધા જ નિર્ણાયો પતિને પૂછ્યા વગર જાતે કરવા અથવા પિયરિયાંઓને વારંવાર ઘરે બોલાવવા.

૩. આર્થિક વ્યવહાર પોતાના હસ્તક લઈ લેવા.

- ધંધા કે નોકરીમાંથી થતી પતિની આવકનો સંપૂર્ણ અખત્યાર પોતે લઈ લેવા. સંતાનોને કેટલી ફીવાળી સ્કૂલમાં દાખલ કરવા? કેટલી કિંમતનાં કપડાં લેવા? ઘરમાં ક્યું સાધન કે અપ્લાયન્સ વસાવવું? જેવા અનેક મહત્ત્વના નિર્ણયો પતિને પૂછ્યા વગર લેવા.
- સરખું કમાતી સ્ત્રી પણ ''પતિની આવક એ અમારી સહિયારી આવક અને મારી આવક તે મારી અંગત આવક'' એવા ધોરણ અપનાવે છે. પતિના દરેક અંગત ખર્ચ ઉપર ટકોર કરતી સ્ત્રી પોતાના ખર્ચા વિશે ક્યારેય કોઈ ટીકા-ટિપ્પણી સાંભળવા માંગતી નથી.
- પોતાના નાંણાકીય વ્યવહારો, પોતાનાં માતા-પિતા માટે કરેલ ખર્ચ પતિથી ગોપનીય રાખવા.
- પતિના પૈસે જ ખરીદીને વિવિધ વસ્તુઓ હું પિયરથી લઈ આવી છું એવું કહેવું.

**૪. પતિને અન્યોથી વિખૂટો પાડવો અને તેની સ્વતંત્રતા પર કાપ મૂકવો**

- વિખ્યાત મરાઠી લેખક વસંત પુરુષોત્તમ (વ.પુ.) કાળેએ માર્મિક ટકોર કરી છે કે પહેલાં સ્ત્રી, પતિને તેનાં માતા-પિતાથી અળગો કરે છે અને સંતાનો થયા, પછી પતિને પોતાથી પણ અળગો કરે છે.
- કોની સાથે, ક્યારે અને કેટલી વાત કરવી, સગાંને ફોન પોતાની હાજરીમાં જ કરવા અને સ્પીકર પર મૂકીને વાત કરવી એવો આગ્રહ રાખવો.
- પરણ્યા બાદ હું તમારા જીવનમાં આવી છું એટલે તમારા મિત્ર અને ઓળખીતાને બદલે આખો સમય મારી સાથે રહો એવી અપેક્ષા કરવી.
- પતિના ફોનનો પાસવર્ડનો આગ્રહ રાખવો અને તે ફોનની ઊલટતપાસ ગમે ત્યારે કરવાનો હક્ક રાખવો.
- પતિની ફેવરિટ હોબી કે એક્ટિવિટી પર કોઈક બહાનાસર કાપ મૂકવો અને તેને તે આનંદથી વંચિત રાખવો.
- સ્ત્રીઓ કરે તે બધાં જ કામ પુરુષોએ શીખવા અને મદદ કરવી એવો આગ્રહ રાખવો, પણ સામે પુરુષો જે કામ કરતા હોય તે કામ માત્ર પુરુષ જ કરી શકે, એ સ્ત્રીઓનું કામ નહીં એમ કહીને સ્ત્રી પુરુષ સમાનતાના વિચારસરણીનો ગેરલાભ ઉઠાવવો.
- ''ઊભો રહે, રાત્રે પપ્પા આવશે ત્યારે તને મારશે અને સજા આપશે'' એમ બાળકોને કહીને બાળકોના મનમાં પિતાની ક્રૂર ઈમેજ બનાવી પોતે મમતાનો ભંડાર છે એમ સાબિત કરીને બાળકોનો બ્રેન વૉશ કરવા.

**૫. ધમકી:**

- નાનાં મોટાં કારણો માટે પતિને વારંવાર ધમકાવવો.
- આવેશમાં આવીને વસ્તુઓ તોડી પાડવી કે પછાડવી.

- નાના ઝઘડાને મોટું સ્વરૂપ આપીને ''આજે કા હું નહીં કા તું નહીં'' એવી ધમકી આપવી કે પછી પોલીસસ્ટેશનમાં જઈને દહેજ અને ડોમેસ્ટિક વાયોલન્સની ફરિયાદ કરીને તમને અંદર કરાવીશ એવી ધમકી આપવી.

**૬. જાતીય સંબંધોમાં શોષણઃ**

- જાતીય સંબંધનો એક હાથા તરીકે ઉપયોગ કરીને પોતાની મનમાની માટે પતિને મજબૂર કરવો અને જો પતિ તૈયાર ન થાય તો તેને જાતીય સુખથી વંચિત રાખવો.

**Gas lighting** : ગૅસ લાઈટિંગ

- આ એક માનસિક કાવાદાવાની પદ્ધતિ છે જેના દ્વારા સુનિયોજિતપણે વ્યક્તિની વિચારસરણી, નિર્ણય લેવાની ક્ષમતા વગેરે મુદ્દા પર વિવિધ પ્રશ્નો ઉઠાવી તે વ્યક્તિના આત્મસન્માન અને સ્વાભિમાન ઉપર ઠેસ પહોંચાડવામાં આવે છે.

  ''તમને હવે બધું ભૂલી જવાની આદત પડી ગઈ છે,'' ''હું એવું ક્યાં બોલી છું ?'' ''તમે ઓવર રીઍક્ટ કરો છો''... ઈત્યાદિ સામાન્ય ઉદાહરણ છે. વારંવાર પુનરાવૃત્તિ થવાથી ભોગ બનનાર વ્યક્તિ હકીકત અને સાચી ઘટનાઓનાં તથ્યો ઉપર પણ શંકા કરવા લાગે છે. લાંબા ગાળે તે વ્યક્તિ પોતાની બૌદ્ધિક ક્ષમતા ધીમે ધીમે ખોઈ બેસે છે અને બીજા પર ઓશિયાળો થઈ જાય છે.

**પુરુષો પર થતી અસર**

- લાંબા ગાળે આ પરિસ્થિતિમાં રહેનાર પુરુષોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર ઘણી વિપરીત અસર થાય છે.
- અનિદ્રા, સતત થકાન, માથાનો દુખાવો કે પછી પાચનની વિવિધ સમસ્યાઓ જેવી બીમારીઓ થઈ શકે છે.
- માનસિક રીતે ઘણા પુરુષો પોતાનો આત્મવિશ્વાસ, આત્મસન્માન ધીમે ધીમે ગુમાવતા જાય છે અને પોતાને નકામા સમજે છે.
- તેઓ સતત અપરાધીપણાના ભાવથી પીડિત હોય છે.
- પોતાની બચત, મિલકત, ઘર કે બાળકો ગુમાવવાનો ભય મહેસૂસ કરે છે.
- ઘણા પુરુષો સ્ત્રીઓ પર ડિપેન્ડન્ટ બની જાય છે અને પોતાની તર્કશક્તિ ગુમાવી દે છે.
- ભાવનિક શોષણ કરતો સંબંધ છોડવો પુરુષો માટે સહેલો નથી. અંગત, કૌટુંબિક કે સામાજિક કારણોસર પુરુષો માટે પરિસ્થિતિ ''ન કહેવાય અને ન સહેવાય'' એવી બની રહે છે. તે છતાં પણ આ રિલેશનમાંથી છૂટવું પુરુષો માટે ઘણું પડકારજનક હોય છે. આ કારણોને લીધે પુરુષ આવા સંબંધો વેંઢારતો જાય છે.
- સામાજિક માન્યતા અનુસાર પોતાની પત્નીનો સપોર્ટ કરવો તે ફરજ સમજે છે.
- આગળ જતા બધું બરાબર થઈ જશે એવો આશાવાદ રહેલો હોય છે.

* તેનું શોષણ થઈ રહ્યું છે તે સ્વીકારવું પુરુષો માટે બહુ અઘરું હોય છે.
* બાળકો કાયમ માટે ગુમાવવાનો ડર રહેલો હોય છે. શોષણ કરતી માતા તેનાં બાળકોને સારી રીતે ઉછેરી નહીં શકે તેવા ડર હોય છે.
* કોર્ટમાં પણ બાળકો તેની માતા પાસે જ રહે એવો નિર્ણય આવવાનો ડર હોય છે.
* લગ્નવિચ્છેદનો દોષ પોતાના પર ન આવે તે માટે.
* સામાજિક રીતે માનસિક સમસ્યાનો સામનો કરતા પુરુષ નબળા છે એવું માનવામાં આવે છે તેથી પુરુષ આ વાત કોઈને કહેવાનું ટાળે છે અને માનસિક પરિતાપ સહન કરતો રહે છે.

અંદાજે બે મહિના પહેલાં મૂળ બિહારના પણ બેંગલોરમાં જોબ કરતા સોફ્ટવેર એન્જિનિયર અતુલ સુભાષે આ જ કારણોસર કરેલી આત્મહત્યાના કિસ્સાએ આ સમસ્યા પર વ્યાપક પ્રકાશ પાડ્યો હતો. ૨૬ પાનાંની લખેલી સ્યુસાઇડ નોટ અને લગભગ દોઢ કલાકનો વીડિયો સમસ્યાની ગહનતા દર્શાવે છે.

## શું કરવું શોષિત પુરુષોએ

રિલેશન બચાવવા લાંબા સમય સુધી આ પરિસ્થિતિમાં રહીને બધું બરાબર થઈ જશે, એ આશાવાદ નિષ્ફળ જાય છે ત્યારે પુરુષોએ હિંમતથી અને થોડી સૂઝબૂઝથી કામ લેવું જરૂરી છે.

સૌ પ્રથમ તો પરિસ્થિતિ અતિગંભીર સ્વરૂપ લે તેનાથી પહેલાં જ પાર્ટનર જોડે ચર્ચા કરવી જરૂરી છે. જો આ પગલું પણ નિષ્ફળ જાય તો કોઈ મધ્યસ્થીનો સહારો લઈને પરિસ્થિતિ બદલવાનો પ્રયત્ન કરવો. જરૂર પડે તો પોતાના માનસિક સ્વાસ્થ્ય માટે મનોચિકિત્સક પાસે સહાય લેતા અચકાવવું નહીં.


આવા રિલેશન જીવનમાં ઘણી નકારાત્મક ભાવનાઓ ઉત્પન્ન કરે છે જે આગળ જતા પરિસ્થિતિને વધારે ગંભીર બનાવી શકે છે માટે યોગ્ય માર્ગદર્શન મેળવીને આ પરિસ્થિતિને સામાન્ય બનાવવાનો પ્રયત્ન કરવો.

બંને પાર્ટનરોએ પરસ્પર સમાનતા, આદર, વિશ્વાસના ગુણ કેળવીને લગ્ન જીવનને સમૃદ્ધ કરવું.

ખાસ નોંધ : મજબૂત મનોબળ અને સ્ટ્રોંગ પર્સનાલિટી ધરાવતી ઘણી સ્ત્રીઓ આમાંના ઘણા ગુણધર્મો થોડા હળવા પ્રમાણમાં ધરાવતી હોય છે, પણ જો તેની વર્તણૂક પતિ અને સાસરિયાનું આત્મસન્માન જાળવીને કુટુંબને પ્રગતિ કરાવવા બાબત હકારાત્મક હોય તો તે વ્યવહારકુશળતા ગણવામાં આવે છે. પણ જો બારીક લક્ષ્મણ રેખા વારંવાર ઓળગાઈ જતી હોય તો તેનું શોષણમાં ક્યારે રૂપાંતર થઈ જાય છે તે ખબર પણ પડતી નથી.

મો. : ૯૮૬૯૦૩૦૮૦૯

# વ્યસનમુક્તિ ઝુંબેશ ચલાવનાર કચ્છી સંત નરેશમુનિ મહારાજસાહેબ



✻ વસંત મોંઘીબાઈ ઉમરશી મારુ ✻

કચ્છના માંડવી તાલુકાનું ભોજાય ગામ એટલે સંતોની ભૂમિ. અનેક જૈન સંતો અહીં જન્મ્યા છે. એ ભોજાય ગામના દેરાસરના પૂજારી હંસરાજભા છેડા અને ગૃહિણી બાયાબાઈના ઘરે ૧૯૫૮માં બાળક નવીનનો જન્મ થયો. ચાર ભાઈ અને ત્રણ બહેનોના બહોળા કુટુંબને ચલાવવા વધારાની આવક માટે હંસરાજભા, ડૉ. કાંતિભાઈ ભાવસારના સહાયક તરીકે કાર્ય કરતા. દેરાસરમાં ભગવાનની અને ડૉક્ટર સાથે ગામમાં ગરીબોની સેવા કરતાં હંસરાજભાના માનવીય ગુણો અને માતા બાયાબાઈનાં જીવદયાનાં કાર્યોનો ઊંડો પ્રભાવ બાળક નવીન પર પડ્યો.



નવીન માંડ અગિયાર વર્ષનો હતો ત્યારે આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી જૈન મુનિ ધીરજ મ.સા. અને એમના ગુરુ રામચંદ્ર મ.સા. પોતાના ગામ ભોજાય પધાર્યા. બાઈ (બા), અધા (બાપુજી) સાથે બાળક નવીન આ મહારાજસાહેબોની સેવા-ચાકરી કરવા લાગ્યો. એમાંય નવીનને ધીરજમુનિ મ.સા.ની મોહિની લાગી એટલે માતા-પિતા પાસે મુનિરાજ સાથે વિહાર કરવા આજ્ઞા માંગી કારણકે નવીનને શાળાના અભ્યાસમાં ચિત્ત લાગતું નહોતું. પણ ધર્મના અભ્યાસની સાથે સાથે સમાજની અનોખી સેવા કરવાનું સપનું જોયું હતું. માતા-પિતાએ આ પ્રતાપી સાધુઓ સાથે આખા કચ્છમાં ફરવા, વિચરવા નવીનને રજા આપી, પણ ત્યારે ક્યાં ખબર હતી કે વિધિએ એક અનોખો ખેલ રચ્યો છે! આગળ જતાં બાળક નવીન દીક્ષા લઈ ભારતભરનાં હજારો ગામડાંમાં પગે ફરીને અનેક લોકોને વ્યસનોની નાગચૂડમાંથી બહાર લાવવાનું જબરું કાર્ય કરશે! એમના ઘરોમાં સુખનો સૂરજ ઉઘાડશે.

સમય જતા નવીનને ધર્મનો પાકો રંગ ચઢી ગયો અને અઢારમે વર્ષે ધીરજમુનિ

પાસે દીક્ષા લઇ નવીન બની ગયા નરેશમુનિ! નરેશમુનિ ધર્મપ્રચાર અને આત્મકલ્યાણ માટે કચ્છનાં ગામડાંમાં વિચરવા લાગ્યા. ચારેબાજુ અજ્ઞાનતા અને બદીઓથી ખદબદતા માનવીઓને જોઈ એમનું હૃદય રડી ઊઠતું.

સતત પચીસેક વર્ષ વિહાર કરતા રહ્યા ત્યારે એમણે વ્યસનની નાગચૂડમાં ફસાયેલા અનેક લોકો જોયા. આશાસ્પદ યુવાનો દારૂ પીને નશાખોર બની જતા અને જીવન વેડફતા જોયા. ગામડાંના પાદરમાં કે બસસ્ટેન્ડ પર જુગાર રમતા કે બીડીઓ ફૂંકતા યુવાનોને જોઈ નરેશમુનિને કરુણાભાવ જાગતો. પાન-તમાકુના વ્યસનીઓને જોઈ હૃદય દ્રવી ઊઠતું. ક્યારેક ગામડાંની મા-બહેનોને સૂંઘણી (બજર-તમાકુની તપકીર) સૂંઘતા જોઈએ કકડી ઉઠતા. સતત મનમાં એક જ વિચાર આવતો કે આ વ્યસનોમાં લાખો લોકો બરબાદ થાય છે, કરોડો રૂપિયા વેડફાય છે. એના વિષચક્રમાંથી છોડાવવા કોઈક નક્કર કરવું પડશે... આત્મકલ્યાણની સાથે સમાજકલ્યાણ દ્વારા સાધુધર્મ નિભાવવો પડશે અને એક શુભ ક્ષણે એ અવસર આવી પહોંચ્યો.

નરેશમુનિની દીક્ષાના પચીસમા વર્ષની ઉજવણી ભુજ ખાતે યોજાઈ. કચ્છના પ્રખ્યાત ચિત્રકારો નવીન સોની અને બિપીન સોનીની સાથે ગુજરાતના પ્રસિદ્ધ ચિત્રકારોએ વ્યસનમુક્તિનાં ચિત્રો દોરી ભુજમાં પ્રદર્શન ભર્યું. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ગુજરાતના તત્કાલીન સ્પીકર ધીરુભાઈ શાહ અને કચ્છના આગેવાન તારાચંદ છેડાએ કર્યું. પ્રદર્શનમાં રજૂ થયેલ વ્યસનમુક્તિનાં ચિત્રો જોઈ લોકોના માનસ પર ઊંડી અસર થઈ. ભુજમાં જ કેટલાય લોકોએ વ્યસન ત્યજવાની પ્રતિજ્ઞા લીધી અને નરેશમુનિની વ્યસનમુક્તિ ઝુંબેશની શરૂઆત થઈ. નાનાં-નાનાં ગામડાંમાં શિબિરો અને પ્રવચનો યોજાવા લાગ્યાં. આ પરગજુ સંતની નિખાલસ વાણીનો પ્રભાવ લોકો પર વર્તાવા લાગ્યો. ધીરે ધીરે એમને પ્રસિદ્ધિ મળવા લાગી.

ભારતમાં અનેક જગ્યાએ વૈજ્ઞાનિક પદ્ધતિથી વ્યસનમુક્તિ કેન્દ્રો ચાલે છે. એમાં વ્યસનમુક્ત થવા વ્યસનીઓને દાખલ કરાય છે. પરંતુ એનો ભારે ખર્ચ થાય જે સામાન્ય માણસને પરવડે નહીં. આ વાત નરેશમુનિ બરાબર જાણતા હતા. એટલે એમની તર્કબદ્ધ સમજાવટથી, ધ્યાન યોગ અને દ્રઢ મનોબળની કેળવણીથી અને લાગણીતંત્ર પર સીધા ઘા કરવાનું સૂત્ર એમણે શોધી કાઢ્યું. જ્યાં એમનો રાત્રીવાસ હોય ત્યાં સત્સંગ થતાં. ભજનોનું આયોજન થતું. ચિત્ર પ્રદર્શન ભરાતાં. મુનિરાજની તર્કબદ્ધ સમજાવટથી વ્યસની વિચલિત થઈ એક જ ક્ષણમાં વ્યસનનો ત્યાગ કરતા થઈ ગયા. તરત જ એમને ભાવનગરના પ્રસિદ્ધ વૈદ્ય ડૉ. ચેતન મહેતાની દવા અપાતી. ધીરે ધીરે આ બધાનાં સારાં પરિણામો આવવા લાગ્યાં.

મનોજ સાવલા નામનો એક તેજસ્વી યુવાન મુંબઈના કોટન ગ્રીન વિસ્તારમાં રહેતો. એની આજુબાજુના પરિસરમાં દારૂડિયા પતિની પત્નીઓ ઘરકામ અને વાસણ ઘસીને ધણી માટે ફરજિયાત દારૂ લાવતી અને ઘરખર્ચ ચલાવતી જોઈ એનું હૃદય રડી ઊઠતું. એકવાર એના ગામ બેરાજામાં નરેશમુનિ પધાર્યા હતા. આત્માના કલ્યાણ, ધર્મલાભની સાથે સાથે વ્યસનમુક્તિ દ્વારા સમાજની ઉન્નતિ કરતા મુનિરાજની વાત સાંભળીએ મુંબઈથી બેરાજા (કચ્છ) પહોંચી ગયો. દિવસો સુધી મુનિરાજની સેવા કરતાં કરતાં એના મનમાં મુનિરાજના શિષ્ય બની, ધર્મની સાથે માનવધર્મ ઉજાગર કરવાની ભાવના જાગી. પરિણામે મનોજ દીક્ષા લઈ ઓસજમુનિ તરીકે પ્રખ્યાત થયા અને ગુરુ-શિષ્યે મળીને વ્યસનમુક્તિ ઝુંબેશને જબરો વેગ આપ્યો.

એકવાર નરેશમુનિનો સ્થિરવાસ નાના ભાડિયા નામના ગામમાં હતો. નાના ભાડિયાના ઉદ્યોગપતિ ચંદ્રકાંતભાઈ ગોગરી અને એમનાં માતા ધનવંતીબા ગોગરીએ વ્યસનમુક્તિ ઝુંબેશને ભારતભરનાં વિવિધ રાજ્યોમાં લઈ જવા પ્રેરિત કર્યાં. વ્યસનમુક્તિ ઝુંબેશ રથયાત્રામાં પરિવર્તિત થઈ. ધનવંતીબાએ એક અત્યાધુનિક એમ્બ્યુલન્સ મુનિરાજના ચરણમાં ભેટ ધરી. આ એમ્બ્યુલન્સમાં નાનકડા વીડિયો થિયેટર સહિતની આધુનિક સગવડો ઊભી કરવામાં આવી. બંને મુનિરાજ પોતે પગે ચાલે અને નશામુક્તિ ઝુંબેશનો ''એમ્બ્યુલન્સ-રથ'' સાથે હોય. હજારો કિલોમીટર ચાલી કચ્છથી કન્યાકુમારી અને મહારાષ્ટ્રથી નેપાળ બોર્ડર સુધીનાં સત્તર રાજ્યોમાં આ ગુરુ-શિષ્ય એકલવીર બનીને પોતાના મિશનમાં મચી પડ્યા. બંગાળ, કર્ણાટક, કેરળ, તામિલનાડુ, મધ્યપ્રદેશ છત્તીસગઢ સહિતનાં સત્તર રાજ્યોના ગામડાંમાં આ રથયાત્રા વર્ષો સુધી ફરતી રહી. આદિવાસીઓ, ગરીબ મજૂરો, હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ સર્વને લાંબી સમજાવટથી, ડૉ. મહેતાની દવાથી, લાગણીતંત્રને ઝંઝોડી જાગૃતિ લાવી બે દાયકામાં લાખો લોકોને નશામાંથી મુક્તિ અપાવવાનું પ્રચંડ કાર્ય થયું.

નરેશમુનિ બધાને એક વાત સમજાવતા કે, ''ઈશ્વરે આપેલું શરીર એ વરદાન છે. થૂંક પણ જો અમૃત હોય તો શરીરને વ્યસનની ચુંગાલમાં નાખી જીવન બરબાદ કરાય નહીં. છ ફૂટનો આદમી જો ત્રણ ઇંચની બીડી, છ ઇંચની દારૂની બાટલી કે બાવન પત્તા સામે લાચાર-મજબૂર બની જાય તો કેમ ચલાવી લેવાય?'' આવી વાણીના પ્રભાવને કારણે કસાઈથી માંડી માછીમારોનાં માનસ પરિવર્તન થયાં. સત્તર રાજ્યોનાં હજારો ગામડાંના લાખો અનુયાયીઓ એમને મળવા તલપાપડ હોય છે, પણ સાહેબજી

રોજ એકસાથે બધાને મળે એ શક્ય નહોતું. એટલે મુંબઈના ડોક્યુમેન્ટરી ફિલ્મના પ્રસિદ્ધ સર્જક મહેશ સાકરબેન નાનજી શાહે સરસ રસ્તો ગોત્યો. પરિણામે ત્રણસો પાંસઠ દિવસ રોજ રાતના દસ વાગે તેમનાં પ્રવચનો એક ધાર્મિક ચૅનલ પર પ્રસારિત થવા લાગ્યાં. લાખો અનુયાયીઓ ગુરુદેવને રોજ મળવાનો સંતોષ લેતા.

એકવાર છત્તીસગઢના બિલાસપુરમાં કોઈ હિંદુ ભાઈને ત્યાં સાહેબજીનો ઉતારો હતો. ઉતારાની સામેના ખંડેરમાં અગિયારેક વર્ષના કિશોરોને કેફી દ્રવ્યનું સેવન કરતા જોઈ એમનું હૃદય રડી ઊઠ્યું. એમણે ખૂબ મહેનત કરી એ કિશોરોને કેફી દ્રવ્યોના બંધનમાંથી મુક્ત કરાવ્યા. ત્યારથી શાળાઓ, કૉલેજો કે ફૅક્ટરીઓમાં જઈ વર્કશોપ અને શિબિરો કરતા થઈ ગયા.

હૈદરાબાદમાં એક મુસ્લિમ ફેરીવાળો ૨૪ કલાક મોંમાં માવો ભરી શાક વેચતો. એને જોઈ રોજ સાહેબ એની પાસે જઈ ગુટકા છોડવા પ્રેરતા રહ્યા. ધીરે ધીરે મુસ્લિમ ફેરિયાએ ગુટકા ખાવાનું છોડી દીધું. થોડા દિવસ પછી એકવાર ફેરિયાએ નરેશમુનિ પાસે આવીને કહ્યું ‘‘સાહેબ મોંમાં ચોવીસ કલાક ગુટકા ભરેલો હોય એટલે મોં ચોખ્ખું રહેતું નહીં એટલે મસ્જિદમાં ખુદાની બંદગી કરવા વર્ષોથી નથી ગયો. આજે આપને કારણે મસ્જિદમાં નમાજ અદા કરવા જઈ રહ્યો છું, કારણકે મારું મોં હવે ચોખ્ખું હોય છે!’’

કપાયા ગામમાં એમનો સ્થિરવાસ હતો. રોજ રાત્રે સત્સંગમાં એક ભજનિકભાઈ ભજન ગાવા આવતા અને ભજન કરતા કરતા સાહેબજી સાથે મૈત્રી બંધાઈ ગઈ. એમાં એમનું દારૂનું બંધાણ છૂટી ગયું, પણ બીડી છોડવા તૈયાર નહોતા. એક ગામવાસીએ એમને પાનો ચઢાવ્યો, ‘‘મનુભા કાં તું બીડી છોડ કાં તારા ગુરુ નરેશમુનિ સામે બીડી પી બતાવે તો તું મોણસમાટુ (મરદ માણસ). શરમાઈને ભજનિક મનુભાએ બીડીનો પણ ત્યાગ કર્યો. આજે ગામમાં નાનકડી દુકાન ચલાવી, ભજનો ગાઈને જીવન સુખેથી ગુજારે છે. આવો જ કિસ્સો કોલકાતાના ગર્ભશ્રીમંત વિજય કાનાણીનો હતો. કર્ણાટકના ગદગ શહેરના દીપકભાઈનો હતો. સોમનાથમાં તો જમાતખાનામાં મુસ્લિમ બિરાદરો માટે શિબિર યોજી અનેક ભાઈઓને વ્યસનમુક્તિ અપાવી હતી. આવા તો હજારો કિસ્સા સાહેબજીના સ્મરણમાં છે. આવા સંત નરેશમુનિ મા.સા દીક્ષાનાં પચાસ વર્ષ પૂરાં કર્યાં એ પ્રસંગે વંદન. ખૂટતી વિગત આપવા ભોજાયના લક્ષ્મીચંદભાઈ કેસરબેન મોરારજી ગાલાનો આભાર.

મો. : ૯૭૫૭૪૦૫૮૭૨

# મંતવ્યો, અભિપ્રાયો, ધારણાઓની દુનિયા... અને આપણે



❋ પરેશ કેસરબેન ગાંગજી શાહ (નિશબ્દ) ❋

જેમણે સ્વ-વિકાસ માટેનાં પુસ્તકો લખવાની શરૂઆત કરી કહેવાય છે અને જેમનું પુસ્તક Think and Grow Rich (૧૯૩૭) ઓલ ટાઇમ બેસ્ટ સેલર તરીકે લેખાય છે એવા સુવિખ્યાત અમેરિકન લેખક ઓલિવર નેપોલિયન હિલે (૧૮૮૩-૧૯૭૦) માર્મિકપણે કહ્યું છે, ''મંતવ્યો, એ પૃથ્વી પરની સૌથી સસ્તી અને નકામી ચીજવસ્તુ છે.''

મનુષ્ય સ્વભાવની સૌથી મોટી લાક્ષણિકતા એટલે દરેક પરિસ્થિતિમા મંતવ્યો અને અભિપ્રાયો આપી શકવાની ઉતાવળ અને હોશિયારી.

એક સમય હતો જ્યારે લોકલ ટ્રેનમાં નિયમિત સફર કરવાનું થતું. એમાં જો સવારે ટ્રેનમાં બોરીવલીથી દક્ષિણ મુંબઈમાં જવાનું થાય તો લગભગ એક જ સમયે બજારમાં સાથે જતા પુરુષોની લાંબી વાતચીતોને સાંભળવાનું અનાયાસ થાય. વાતચીત કે ચર્ચાઓના મુદ્દાઓ મોટા ભાગે રાજકારણ, વિશ્વના દેશોની આંતરિક પરિસ્થિતિ, ઈકોનોમી, શેરબજાર, મુંબઈની પ્રોપર્ટી માર્કેટ, ક્રિકેટ, ફિલ્મો, ફિલ્મ સ્ટારોના અંગત જીવનની વાતો વધુ હોય. ટ્રેનના ચાલવાના લયબદ્ધ અવાજો વચ્ચે પણ સ્પષ્ટ સંભળાય વ્યક્ત થતાં મંતવ્યો, સુચનો કે ધારણાઓ...

ઈશ્વરનું હોવું, સત્ય કે કલ્પના? આમ જોવા જઇએ તો ઇશ્વરનું શ્રેષ્ઠ સર્જન મનુષ્ય છે, પરંતુ મનુષ્ય જ ઈશ્વરના અસ્તિત્વને પણ તર્કની સરાણે જોતો હોય છે અને ઇશ્વર હોવા વિશે પણ મંતવ્યો અને અભિપ્રાયો સરળતાથી આપતો હોય છે.

ઈશ્વર, કર્મફળ, પાપ-પુણ્ય, જડ-ચેતન, આત્મા, જન્મ જન્માંતર કે પુનર્જન્મ સુધીની વાતો, ઈશ્વરીય શક્તિઓ કે ધરતી, ચંદ્ર, સૂર્ય વગેરે જે કાંઇ છે એને ઈશ્વર આધીન માનતા આપણે આપણી ઈશ્વરીય આસ્થાને પણ મંતવ્ય અને માન્યતાઓના ત્રાજવે તોળતા હોઈએ છીએ.

એટલે જ ઈશ્વરના સત્ય સ્વરૂપને બદલે ખોટાં મંતવ્યો અને અભિપ્રાયોના જોરે પોતાને ઈશ્વર સમાન લેખાવતા આધુનિક સંતોને ઊંચા આસને બેસાડી દઇએ છીએ. આમ આયોજનપૂર્વક ઊભાં કરેલાં અભિપ્રાયો અને મંતવ્યો ક્યારેક હકીકતો ઉપર પડદા લગાડી દે છે.

આઈપીએલ ટૂર્નામેન્ટને ૧૮ વર્ષ થયાં,

CSK Team સાથે મહેન્દ્રસિંહ ધોની શરૂઆતથી જોડાયેલ છે. ૪૪ વર્ષીય ધોની ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી રિટાયર્ડ થયા પછી પણ આઈપીએલમાં રમે છે અને સચોટ વિકેટકિપિંગ હજુય કરે છે. બેટિંગ ક્રમાંક ૧૦ નંબર પર પણ આવેલ ધોની ક્રિકેટ મેદાન પર હજીય ક્રિકેટને જીવતા હોય છે, પણ એમના રિટાયર્ડમેંટ વિશેનાં મંતવ્યોને ધારણાઓ સુનીલ ગાવસ્કર જેવા એક્સપર્ટથી માંડી શ્રમજીવી પણ કરી લેતા હોય છે.

સુપ્રસિદ્ધ ક્રિકેટર વિરાટ કોહલીએ બીબીસી ન્યૂઝને આપેલા એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું, ''આપણે જે સાંભળીએ છીએ એ અભિપ્રાય છે, વાસ્તવિકતા નહિ. આપણે જે બધું જોઈએ છીએ અંતે એ દ્રષ્ટિકોણ છે, સત્ય નહિ''.

સોશિયલ મીડિયા પર આવતાં અભિપ્રાયો અને મંતવ્યો બહુધા એકતરફી બની જતાં હોય છે, કારણકે એ સંતુલિત વિચાર, અનુભવ કે જવાબદારી પર આધારિત નથી હોતાં. આવા અભિપ્રાયોને મિલિયન વ્યૂહ મળતા વાર નથી લાગતી, પણ આવા અભિપ્રાયો ટૂંકી આવરદાવાળા સાબિત થતા હોય છે.

રોજ સાંજે ટીવી ચૅનલો પર દેશમાં ઘટેલી વિવિધ ઘટનાઓ ઉપર અભિપ્રાયો અને મંતવ્યોનો રાફડો ફાટે છે. ઊંચા અવાજે બોલાતા અભિપ્રાયો કેટલા સાચા હોઈ શકે ? ટીવી ડિબેટમાં પ્લાંટેડ ધારણાઓ અને અભિપ્રાયો તીવ્રતાથી રજૂ થાય છે ત્યારે કેટલાક ફોલ્સ નેરેટિવ પણ સાચા કરવાના પ્રબળ પ્રયાસ દેખાઈ આવતા હોય છે.

ભારતીય લોકશાહી સશક્ત છે. ભારતનું રાજકારણ હંમેશાં વિભિન્ન વિચારધારાઓ ધરાવતા પક્ષો પર આધારિત રહ્યું છે. દરેક પક્ષ પોતાની વિચારધારા મુજબ કરવાનાં કામોના મેનિફેસ્ટો પ્રજા સામે મુકે છે જેના ઉપરથી પ્રજા પણ પોતાનાં મંતવ્યો અને ધારણાઓ બાંધે છે. સામાન્ય પ્રજાના કોઇ ફિલ્ટર્સ નથી હોતા, એટલે ભાવનાત્મક બની અભિપ્રાયો અને ધારણાઓના પ્રવાહમાં તણાઈ જવું સ્વભાવિક છે. સરવાળે આશાઓ તૂટે છે. ભ્રમ ભાગે છે.

આપણે વર્ષોથી ભણેલો અને વાંચેલો ઈતિહાસ પણ આખરે તો ઈતિહાસકારોનાં મંતવ્યો અને માન્યતાઓના આધારે લખાયેલો છે. તથ્યોને પડખે મૂકી પોતાની માન્યતાઓને આધારે લખાયેલો ઈતિહાસ પ્રમાણભૂત ન બની રહેતા સંશોધનો અને તર્કબદ્ધ રેફરંસોની ખરાઈથી બદલાતો હોય છે. આમ ઇતિહાસ પર ક્યારેક સત્યથી વિપરીત, ધારણાઓ અને HearSay પર આધારિત હોય છે.

વિશ્વના સહુથી વધુ ધિક્કાર પામેલા, વિશ્વના ઈતિહાસમાં સૌથી વધુ વગોવાયેલા ખલનાયક તરીકે જાણીતા જર્મનીના એડોલ્ફ

હિટલરની આત્મકથા Mein Kampf (ગુજરાતી અનુવાદઃ મારો સંઘર્ષ) વર્ષ ૧૯૨૪ના એપ્રિલ મહિનામાં મ્યુનિચના જન-ન્યાયાલયના નિર્ણય પછી લૅંડ્ઝબર્ગ નામના કિલ્લામાં કારાવાસની સજા ભોગવતા લખાયેલ.

એડોલ્ફ હિટલરે Mein Kampfમાં પોતાના વિચારોને બે ખંડમાં રજૂ કર્યા. માનવતાના દુશ્મન ગણાતા હિટલરમાં નબળાઈઓ જો કે ભારોભાર હતી, પરંતુ ગુણોના અંશ પણ હતા. કઠોરતા, ક્રૂરતા અને હિંસકતાના અવગુણો વચ્ચે પણ પોતાના દેશવાસીઓ પ્રત્યે અસીમ પ્રેમ, અપાર શ્રદ્ધા, ઊંડી નિષ્ઠા અને સ્વમાન જાળવી રાખવાની વૃત્તિ જેવા ગુણો પણ હતા. એટલે જ હિટલરનાં ચુંબકીય ભાષણો સાંભળી સેંકડો જર્મન યુવાનો હાકલ પડે ત્યારે સડક પર ઊતરી આવતા. આમ તથ્યો પણ મંતવ્યો અને અભિપ્રાયના માધ્યમથી Tweak થતા વાર નથી લાગતી. એટલે જ હિટલર દુનિયાનો Most Hated Man તરીકે ઓળખાય છે.

સરકારી પ્રકલ્પો, જનહિતની યોજનાઓની બ્લ્યુ પ્રિંટસ બનાવી સરકાર પ્રોજેક્ટની વિગતોને જાહેર જનતા સામે મૂકતી હોય છે અનો જનતાના સુઝાવ, અભિપ્રાય મંગાવતી હોય છે. જ્યા ઊંડો અભ્યાસ અને તલસ્પર્શી અધ્યયન કરવું પડે ત્યાં બહુ જૂજ અભ્યાસુ પોતાના અભિપ્રાયો મોકલાવે. એ પ્રકલ્પો અમલમાં મૂકાય ત્યારે સારાં-નરસાં મંતવ્યોના ફ્લડ ગૅટ ખૂલી જાય. વસ્તુતઃ અભિપ્રાયો, મંતવ્યો શેર કરતા પહેલાં એ બાબતોનો ઝીણો અભ્યાસ કરવો જરૂરી બને.

દાદા ભગવાનનું એક પ્રચલિત સુવાક્ય છેઃ ''ઓપન માઇન્ડ (ખુલ્લું મન) હોય તો જ સાચો અભિપ્રાય આપી શકાય''

અભિપ્રાયો કે મંતવ્યો આપવા એ એક જવાબદારીપૂર્વકનું કામ છે, નહિ કે વાણી-વિલાસનું કે અભિવ્યક્તિની બંધારણીય છૂટનું. એ જ રીત બીજાનાં મંતવ્યોનો આધાર લઈ ક્યારેય કોઈનો ન્યાય ન કરવો.

કોઈ ઘટના કે સ્થળ વિશે અપાતાં તાત્કાલિક મંતવ્યો કે અભિપ્રાય ક્યારેક અજ્ઞાનતા કે અણસમજની ઊપજ હોય છે. પુર્ણતથા સમજ મેળવ્યા વગર તટસ્થતાના અભાવથી કરેલા અભિપ્રાયો પણ ઘાતક સાબિત થતા હોય છે.

સંબંધોમાં નિરર્થક ઉચ્ચારાતાં અભિપ્રાયો અને મંતવ્યો મીઠાશમાં ઓટ લાવે છે. કહેવાતી ધારણાઓ ગ્લાનિ લાવે છે. સંબંધોમાં ધારણાઓ નહિ, માધુર્યની જરૂર છે. પરસ્પર આદર, સમજણ અને સ્વીકારભાવ સંબંધોને મજબૂત બનાવે. આમ સંબંધોમાં મૂલ્યાંકનની નહિ માવજતની જરૂર હોય. બીજાના અભિપ્રાયો પરથી કોઈ વ્યક્તિ વિશે ધારણા ન બાંધી શકાય. એ વ્યક્તિ સાથેની નિકટતા જ એ વ્યક્તિ વિશે સાચી સમજ આપી શકે.

ઘરના વડીલો કે મુરબ્બીઓ ઘણી વખત યુવા પેઢી માટે સરળતાથી અભિપ્રાયો અને મંતવ્યો આપી દેતા હોય છે અને ધારણાઓ બાંધી લેવાની ઉતાવળ કરી લેતા હોય છે. સરવાળે જનરેશન ગૅપ કે વૈચારિક ખાઇ વધુ પહોળી બને છે. યુવા પેઢીની વિચારસરણી, લાઇફ સ્ટાઇલ, કાર્યશૈલી એમની પોતીકી અને મૌલિક હોઈ શકે. યુવા પેઢીને જરૂર નથી કે વડીલોના રેફરન્સીસને સ્વીકારે અને અમલમાં મૂકે.

જો અભિપ્રાયો, માન્યતાઓ, પૂર્વગ્રહો કૌટુંબિક સમરસતાને પાતળી કરે તો બહેતર છે કે ચુપ રહેવું...

દરેક વિષય પર પ્રતિભાવ કે અભિપ્રાય આપી શકતા લોકો કોઇ એક પણ વિષય પર પ્રભુત્વ ન મેળવી શકે તો કાંઈ નહીં પણ પૂર્ણતાને પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ. દ્રષ્ટિકોણ નહિ પણ દ્રષ્ટિ કેળવવાનું લક્ષ્ય રાખવું વધુ હિતકારી બને.

જીવન જીવવાની કળા મેળવતા અને આવડત કેળવતા રહેવું એ દરેકના જીવનનો મૂળ લક્ષ્ય હોય, ત્યારે મનની શુદ્ધિ અને સુસજ્જતા અભિપ્રાયો અને મંતવ્યો આપવામાં પરિપક્વતા લાવે, દૃઢતા લાવે.

Social Gossiping એટલે કે સામૂહિક અભિપ્રાયોની લેવડદેવડને નકારાત્મક રીતે નહિ પણ સકારાત્મક રીતે પણ કેળવી શકાય. સામાજિક નેટવર્ક્સને મજબૂત કરવા, સાંસ્કૃતિક સુસંગતતાને પારંગત કરવા કે ક્રિયેટિવ સાઇડને વધુ મજબૂત કરવા માટે Social Gossiping ખૂબ ઉપયોગી થઇ શકે.

બહુ સહેલાઈથી મંતવ્યો અને અભિપ્રાય આપી દેતા આપણે ભિન્ન અભિપ્રાયો કે મંતવ્યો પ્રત્યે સહજ કેટલા?

આપણી હાજરીમાં બોલાતા આપણા વિશેના અભિપ્રાયો કરતાં પણ આપણી ગેરહાજરીમાં આપણા વિશે બોલાતા અભિપ્રાયો આપણા સાચા આકલનના માપદંડના મુદ્દાઓ બંને તો જ આપણી ખરી સાર્થકતા.

છેલ્લે સ્ટીલ જોબના ફેમસ ક્વોટ્સને મમળાવીએ:

''તમારી પાસે મર્યાદિત સમય છે, તેથી બીજા કોઈ જેવું જીવન જીવવામાં તેને બગાડો નહીં. બીજાનાં મંતવ્યોના ઘોંઘાટમાં તમારા પોતાના આંતરિક અવાજને દબાવી દેવા ન દો. તમારા હૃદય અને અંતઃસ્ફુરણાને જ અનુસરવાની હિંમત રાખો.'

અભિપ્રાયો, મંતવ્યો, મતો, ધારણાઓની ભરમાર વચ્ચે સત્ય, સાચી માહિતી અને વાસ્તવિકતા હંમેશાં શીર્ષસ્થ રહે એવા શુભ ભાવ સાથે...

- મોટા આસંબિયા

૯૮૨૦૧૪૫૧૪૩



# દિલથી યુવાન

* રાજેશ જવેરબેન નરશી સાવલા *

- પતિ-પત્નીના રિલેશનમાં, પ્રેમના મૅનેજમેન્ટમાં દિલથી યુવાન હોવું જોઈએ. યુવાની તો કોઈની ટકતી નથી. કુદરતના નિયમ મુજબ યુવાની પછી વૃદ્ધત્વ આવે છે, પણ પ્રેમ કોઈ પણ વયમાં ટકવો જોઈએ, પાંગરવો જોઈએ.

- તુષાર શુક્લ ગુજરાતી ભાષાના મુર્ધન્ય સાહિત્યકાર, કવિ અને પ્રવચનકારના શબ્દો, વિચારો આ લેખ માટે મેં વાપર્યા છે. એમની એક સુંદર કવિતા છે. એ કવિતાથી આપણે શરૂઆત કરીએ.

  ''દરિયાનાં મોજાં, કંઈ રેતીને પૂછે
  તને ભીંજાવું ગમશે કે કેમ
  એમ પૂછીને થાય નહિ પ્રેમ''.

\- ફાજલ સમયમાં, સમય કાઢી યુ-ટ્યૂબ પર આ ગીત સાંભળજો, બહુ આનંદ આવશે. શબ્દોની ગુંથણી અને અર્થસંભર ગીત છે. પ્રેમનો મહિમા આ ગીતમાં છુપાયેલો છે.

- કાંઠાની રેતીને શ્રદ્ધા છે કે દરિયાનાં મોજાં આવશે અને મને ભીંજવશે અને સામે દરિયાનાં મોજાંને શ્રદ્ધા છે કે કાંઠાની રેતી મારી વાટ જોતી હશે ભીંજાવા માટે આમ એક પક્ષે વિશ્વાસ છે. બીજા પક્ષે શ્રદ્ધા છે. ત્યારે પ્રેમ છે કે નહીં એમ પૂછવાનું રહેતું જ નથી એ પ્રશ્ન જ અસ્થાને છે, કારણ શ્રદ્ધા-વિશ્વાસની જોડી એ પ્રેમની ઓળખ છે.

- **દિલથી યુવાન એટલે શું ?**

બીજા પાત્રની સંવેદના, લાગણીઓ સમજવી અને એ પ્રમાણે એની સાથે અનુકુલન સાધવું તે એટલે દિલથી યુવાન તુષારભાઈ કહે છે. રિલેશનશિપના ચાર તબક્કા હોય છે :

**પ્રેમ-સ્નેહ-વહાલ-યજ્ઞ**

પ્રથમ ત્રણ તબક્કા એકબીજાની સાથે વિતાવવાના છે. પ્રેમનો તબક્કો છે. ૧૮-૨૮ વરસનો. મુગ્ધ થયેલો પ્રેમ, કોઈ માટે વાટ જોતી, તરસતી આંખો, એ પ્રેમ મળીએ ત્યારે છૂટા થવાનું મન ન થાય તે પ્રેમ. લગ્ન પછી પ્રેમનો બીજો તબક્કો શરૂ થાય છે જેને માટે ગુજરાતીમાં શબ્દ છે ''સ્નેહ''.

સ્નેહ એટલે ૨૮-૪૮ વરસનો ગાળો, જેમાં બન્નેને એકબીજા માટે લાગણી છે. બન્ને ઠરીઠામ થાય છે. ઘર્ષણ ઘટે છે.

પછી આવે છે ''વ્હાલ''.

૪૮ પછીનો તબક્કો એટલે કાળજી. શરીરમાં બીમારી હોય, યુવાનીમાં હોય તેવું શરીર ન હોય ત્યારે એકબીજા માટે કાળજી હોય. સંભાળ હોય તે વ્હાલ

ઉપરના ૩ તબક્કામાં પતિ-પત્ની એકબીજાં સાથે હોય છે. પછી આવે છે યજ્ઞ. યજ્ઞમાં જ્યાં છે ત્યાંથી આગળ વધવું કદાચ બન્ને સાથે ન હોય એક સાથી વિખૂટો પડ્યો હોય ત્યારે આ વિરહને જિંદગીની સચ્ચાઈ સમજી પોતાની રીતે, એકલપણે આગળ વધવું.

❁ બન્ને મળે ત્યારે બન્નેનાં વ્યક્તિત્વ જુદાં હોય છે. ત્યારે અનુકુલન સાધવું. એડજસ્ટમેન્ટ એ જ પ્રેમને વધારે છે. અનુકૂળ થવામાં આનંદ છે, ખુશી છે. પ્રતિકૂળ થઈએ તો જિંદગીમાં ખટાશ આવે છે.

❁ અત્યારે જ્યારે બે જણા પરણે છે, ત્યારે તે બીજા બેને પણ પરણે છે અને તે છે બન્નેના મોબાઈલ ફોન. મોબાઈલ ફોન પર જેટલો સમય બન્ને વિતાવે છે. તેનાથી ઘણો ઓછો સમય બન્ને એકબીજાને આપે છે. સંવાદ કરે છે.

આ ટાઈમ મૅનેજમેન્ટ લગ્નજીવનમાં ઘર્ષણનો મુખ્ય મુદ્દો છે અને પછી આ ઘર્ષણ મનોચિકિત્સક પાસે જાય છે અને કહે છે કે ''આ હવે પહેલાં ફરતાં હતાં એટલો પ્રેમ નથી કરતા, પણ બન્ને એ એ વાત સમજવાની જરૂર છે કે સંવાદ એ જ પ્રેમમાં આગળ વધવાનો સરળ માર્ગ છે. મોબાઈલ પર વિતાવેલ સમય કરતાં વધારે સમય તમે બીજા પાત્રને આપો.

❁ વય વધે તેમ પ્રેમ ઘટતો નથી. ફક્ત પ્રેમની અભિવ્યક્તિની શૈલી બદલાય છે

પુખ્તતા (Maturity) એ નિરસતા નથી. પ્રેમનું બીજું નામ જ સમજણ છે.

મો. : ૯૭૬૯૦૦૮૮૧૯


**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ | વર્ષ : ૭૮

# પગદંડી

અંક : ૦૨ | મે ૨૦૨૫

**તંત્રી : અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે**

**સંકલન : CA સંજય ચંદનબેન વિસનજી છેડા**

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ઉજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪

pagdandi.kvoss.org. - email:pagdandi@kvoss.org

ટાઈપસેટીંગ : **ધીરેન તારાબેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)

મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**


૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

**-: લવાજમ :-**

૧૦ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-

**ચેક/ડ્રાફટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**

# ધર્મસભર વ્યક્તિના જીવનમાંથી શીખવા જેવા ગુણો



✻ લેક્સ કસ્તૂરબેન કુંવરજી કેનિયા ✻

આપણા જીવનમાં ક્યારેક એવા મનુષ્યો આવી જાય છે કે જેમને મળીને, જેમની સાથે વિતાવેલી પળો યાદ કરીને મન ખૂબ જ સંતોષની લાગણી અનુભવતું હોય છે. તેમના ગુણો, તેમનો વર્તાવ, તેમનું ઉચ્ચ કોટીનું જીવન જીવવાની કળા સર્વને પ્રેરણામય બની જતાં હોય છે.

એવા હતા ગામ રામાણિયાના મુલચંદ લક્ષ્મીબેન કાનજી સાવલા, જેઓએ ૭૭ વર્ષની ઉંમરે વિપશ્યના કોર્સ દરમ્યાન ૧૪મી માર્ચે છેલ્લો શ્વાસ લીધો. તે વખતેના વિપશ્યનાના હાજર શિક્ષકે ઉદ્‌ગાર કાઢતાં કહ્યું કે, આવું મોત તો ખૂબ જ ભાગ્યશાળીને મળે. નવ દિવસની ધ્યાનની ૧૨ કલાકની સાધના દરમ્યાન શ્વાસોશ્વાસ નિહાળતાં કે શરીર પરની સંવેદનાઓને રાગ અને દ્વેષ રહિત, દૃષ્ટાભાવથી જોતાં જોતાં તૈયાર થયેલું નિર્મળ મન તેમને ઉચ્ચ કોટીના આગલા ભવમાં લઈ જાય અને જ્યાં જ્યાં ક્ષેત્રોમાં વર્તમાનમાં વિપશ્યનાની સાધના પ્રચલિત હોય, ત્યાં જ તેમને જન્મ મળે.

મુલચંદભાઈ ક્રિયેટીવ આર્ટિસ્ટ હતા. જે જે સ્કૂલ ઑફ આર્ટ્સ, મુંબઈમાંથી ગ્રૅજ્યુએટ થઈને તેમણે સ્ટુડિયો પ્રભાત નામની કંપની ફોર્ટમાં શરૂ કરેલ અને ત્યાંથી ગ્રાફીક ડિઝાઈનિંગમાં લોગો, લેટરહેડ, પોસ્ટર્સ વગેરે અનેક સેવાઓ આપતા. ત્યાર બાદ છેલ્લે સુપર ક્રિયેટિવ ગ્રાફિક્સ સર્વિસીસ પ્રા. લિ. નામની કંપની એમના પુત્ર ચિંતક સાથે લોઅર પરેલમાં ચલાવતા હતા. સ્વભાવે અત્યંત શાંત, મહેનતુ, પરોપકારી વ્યક્તિત્વ ધરાવતા મુલચંદભાઈનું સ્વાભાવિક હાસ્ય બધા જ ગ્રાહકોને ખૂબ જ ગમતું. રામાણિયા ગામના કે વિપશ્યના સંસ્થા માટે ઘણું કાર્ય ફ્રી ઑફ ચાર્જમાં કરીને સેવા આપતા હતા.

છેલ્લાં પાંચ-સાત વર્ષો દરમ્યાન અમે બંન્નેએ લગભગ પંદર જેટલી વિપશ્યનાની શિબિરો સાથે લીધેલ. ૧૦ દિવસ ઉપરાંત ૨૦ દિવસનો લોંગ કોર્સ પણ તેમણે કરેલ અને કોર્સ દરમ્યાન સેવા આપવાનું પણ કાર્ય કરેલ. ગુરુજી ગોયન્કાજીના સંપર્કમાં તેઓ ઘણાં વર્ષ પહેલાં આવેલ અને તેમના માટે ડિઝાઈન, કમ્પોઝિશન, આર્ટવર્ક, ભાષાંતર કાર્ય માટે અનેકવાર મળવાનું થતું.

એ વાર્તાલાપ દરમ્યાન ગુરુજીના જીવનને અત્યંત નજીકથી જોવાનો લાભ તેમને મળેલ અને ખાસ કરીને રાગ અને દ્વેષ વિનાનું જીવન જીવવું અને ધર્મમય આજીવિકા કેમ મેળવવી તે તેમણે જીવનમાં ઉતારી દીધેલ. ખોટું બોલવું નહીં, હંમેશાં સાચી સલાહ આપવી, મન, વચન ને કાયાથી ઉત્તમ કાર્યો કરવા એ એમના જીવનનો મંત્ર બની ગયેલ. અનાશક્ત જીવન કેવી રીતે જીવી શકાય એની ટ્રેનિંગ એમને મળેલ.

દસેક વર્ષ પહેલાં ધનજી દેવશી કેળવણી ફંડ (DDKF) માટે એક કૉફી ટેબલ બુક બનાવવાનો નિર્ણય લેવાયેલ ત્યારે મેં મુલચંદભાઈનું નામ સૂચવેલ. લેક્ષ જૈન, ડૉ. અજય વિશ્રાણી અને દિનેશ ઈશ્રાણી વગેરે જ્યારે પહેલી વાર મુલચંદભાઈને મળ્યા ત્યારે ખૂબ જ ઈમ્પ્રેશ થયેલા. અથાગ મહેનત અને પોતાના સાર્મથ્ય દ્વારા તેમણે ખૂબ જ ઉત્તમ કામ કરેલ. છેલ્લાં દિવસોમાં સોલીસીટર ધીરેન નંદુ સાથે રાત-દિવસ કામ કરવા માટે ઓફિસ ખુલ્લી રાખેલ. શ્રી સામ પિત્રોડાને આમંત્રણ આપવા અમને દિલ્લી જવાનું નક્કી થયું ત્યારે રાતોરાત કાર્ય કરીને અમને બે કૉફી ટેબલની બુક બનાવીને પહોંચતી કરેલ.

DDKF દ્વારા યોગી સભાગૃહમાં ૧૮૦૦ જ્ઞાતીજનોની હાજરીમાં તેમનું સન્માન કરવામાં આવેલ અને આભાર વ્યક્ત કરવામાં આવેલ ત્યારે તેમનું સર્વ કુટુંબ ગદ્‌ગદ થઈ ગયેલ.

ત્યાર બાદ જ્યારે હીરજી ભોજરાજ માટુંગા બોર્ડિંગને કૉફી ટેબલ બુક બનાવવાની જરૂરત પડી ત્યારે સ્વાભાવિક રીતે મુલચંદભાઈ ઉપર કળશ ઢોળાયો ને તે કાર્ય પણ તેમણે ઉત્તમ રીતે પૂર્ણ કર્યું.

થોડા સમય પહેલાં એમના વર્કશોપમાં આગ લાગવાથી ખૂબ જ મોટો ફાઈનાન્શિયલ સેટબેક આવેલ. પણ આ ધર્મિષ્ઠ વ્યક્તિ જરા પણ વિચલીત થયા વગર સમતામાં રહીને સંઘર્ષ કરીને કાર્ય કરતા રહ્યા. ધર્મે સાથ આપ્યો ને બધી મુસીબતો દૂર થઈ ગઈ.

શ્રીમતી ચંચલબેન નાનજી વિકમાણીના શબ્દોમાં શ્રી મુલચંદભાઈનું જીવન સદ્‌ગુણોની સુવાસથી મઘમઘતું હતું. જીવનમાં સાદગી, સરળતા, ધીરગંભીરતા વણાયેલી હતી. પ્રબળ પુરુષાર્થ, અધ્યાત્મિક લાગણી, સાહિત્ય પ્રેમ એવા ગુણોથી સભર હતું.

આવી મુલચંદભાઈની ધર્મમય યાત્રામાં આપણને બધાને આપણા ગુણો વિકસાવવા માટેની પ્રેરણા મળે અને સમતાભર્યું, જાગ્રત જીવન જીવવા માટેનું ઇંજન મળે એવી અભ્યર્થના.

મો. : ૯૮૬૯૦૩૬૯૦૦

આપના ઘરે, ક.વી.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર પગદંડી ન આવતું હોય, તો ઉપર આપેલ ક્યૂઆર કોડ સ્કેન કરીને અથવા નીચે આપેલ લિંક પર ક્લિક કરી, આજે જ આપનું લવાજમ ભરો.

**cutt.ly/pagdandi**

# બાવન, બેતાલીસ અને ચોવીસ ગામનાં નામ (૫૨/૪૨/૨૪)



✻ મણિલાલ લક્ષ્મીબેન પ્રેમજી દેઢિયા ✻

આપણી ક.વી.ઓ. જ્ઞાતિમાં તેમ જ ખબર પત્રિકામાં બાવન-બેતાલીસ શબ્દનો પ્રયોગ વારંવાર થતો હોય છે. આ બાવન-બેતાલીસ એટલે કંઠી વિભાગનાં બાવન ગામોનો સમૂહ અને બેતાલીસ એટલે અબડાસા વિભાગનાં બેતાલીસ ગામોનો સમૂહ અને કચ્છ-વાગડનાં ચોવીશ ગામોનો સમૂહ. આ સમૂહનાં ગામોના નામો  જાણીએ :

**કંઠી-૫૨**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | આસંબિયા નાના | ૧૪ | દુર્ગાપર/નવાવાસ | ૨૭ | લુણી | ૪૦ | રાયણ મોટી |
| ૦૨ | આસંબિયા મોટા | ૧૫ | ડેપા | ૨૮ | લાખાપર | ૪૧ | રતાડિયા ગણેશ |
| ૦૩ | બગડા | ૧૬ | ફરાદ્રી | ૨૯ | મોખા | ૪૨ | સાડાઉ |
| ૦૪ | બારોઈ | ૧૭ | ગજોડ | ૩૦ | મુંદ્રા | ૪૩ | સમાઘોઘા |
| ૦૫ | બેરાજા | ૧૮ | ગેલડા | ૩૧ | માડી | ૪૪ | તલવાણા |
| ૦૬ | બિદડા | ૧૯ | ગુંદાલા | ૩૨ | મંગરા | ૪૫ | તુંબડી નાની |
| ૦૭ | ભારાપુર | ૨૦ | કપાયા મોટા | ૩૩ | નવીનાર | ૪૬ | ટોડા |
| ૦૮ | ભોરારા | ૨૧ | કોડાય | ૩૪ | નાગલપુર | ૪૭ | ટુંડા |
| ૦૯ | ભુજપુર | ૨૨ | કાંડાગરા મોટા | ૩૫ | પત્રી | ૪૮ | ત્રગડી |
| ૧૦ | ભાડિયા નાના | ૨૩ | કુંદરોડી | ૩૬ | પુનડી | ૪૯ | વાંકી |
| ૧૧ | ચુનડી | ૨૪ | કારાઘોઘા | ૩૭ | પ્રતાપર | ૫૦ | વાંઢ |
| ૧૨ | છસરા | ૨૫ | ખાખર નાની | ૩૮ | પ્રાગપર | ૫૧ | વડાલા |
| ૧૩ | દેશલપર કંઠી | ૨૬ | ખાખર મોટી | ૩૯ | રામાણીયા | ૫૨ | વરજડ |

**અબડાસા - ૪૨**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | બાડા | ૧૨ | દેઢીઆ | ૨૩ | માપર | ૩૪ | રતડિયા નાના |
| ૦૨ | બાયઠ | ૧૩ | દેવપુર | ૨૪ | મેરાઉ | ૩૫ | રતડિયા મોટા |
| ૦૩ | બાલાચોડ મોટી | ૧૪ | ગોધરા | ૨૫ | મકડા | ૩૬ | શેરડી |
| ૦૪ | ભાડઈ મોટી | ૧૫ | ગઢશીશા | ૨૬ | મોથારા | ૩૭ | સાભરાઈ મોટી |
| ૦૫ | ભીંસરા | ૧૬ | હાલાપુર | ૨૭ | મંજલ રેલડિયા | ૩૮ | સણોસરા |
| ૦૬ | ભોજાય | ૧૭ | કોકલિયા | ૨૮ | મંજલ હમલાવાલી | ૩૯ | ઉનડોઠ મોટી |
| ૦૭ | બાંભડાઈ | ૧૮ | કોટડા રોહા | ૨૯ | નરેડી | ૪૦ | વીઢ |
| ૦૮ | ચાંગડાઈ | ૧૯ | કોટડી મહાદેવપુરી | ૩૦ | નાગ્રેચા | ૪૧ | વિંઝાણ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૦૯ | ચિયાસર | ૨૦ ખારૂઆ | ૩૧ | નારણપુર | ૪૨ | વરંડી માટી |
| ૧૦ | ડોણ | ૨૧ લાયજા મોટા | ૩૨ | રાજડા | | |
| ૧૧ | ડુમરા | ૨૨ લઠેડી | ૩૩ | રાયધણજર | | |

**વાગડ-૨૪**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૦૧ | આધોઈ | ૦૭ હલરા | ૧૩ | નંદાસર | ૧૯ | શિવલખા |
| ૦૨ | ભચાઉ | ૦૮ કકરવા | ૧૪ | પિપરાળા | ૨૦ | શિકારપુર |
| ૦૩ | ભરુડિયા | ૦૯ ખારોઈ | ૧૫ | પેથાપર | ૨૧ | થોરિયારી |
| ૦૪ | છોટાપર | ૧૦ ખેંગારપર | ૧૬ | રવ | ૨૨ | નૂતન ત્રંબૌ |
| ૦૫ | ઘાણીથર | ૧૧ લાકડિયા | ૧૭ | સુવઈ | ૨૩ | વણોઈ |
| ૦૬ | ગાગોદર | ૧૨ મનફરા | ૧૮ | સામખિયારી | ૨૪ | વામકા |

## વિશેષ નોંધઃ-

૦૧. ઉપર જણાવેલ કંઠીનાં બાવન ગામના લિસ્ટમાં **માડી** ગામ હવે એકદમ ઉજ્જડ થઈ ગયેલ છે. ત્યાં ફક્ત એક જૂનું મંદિર જીર્ણશીર્ણ અવસ્થામાં છે. કોઈ મકાન કે માનવ વસ્તી નથી. આ ગામ જો કોઈ ભુજપુરથી ફરાદ્રીના રસ્તે જતા હોય તો તેના અવશેષ હજી પણ જોવા મળે છે. મારી પાસે વીરા નુખની કુળદેવીની એક પુસ્તિકા છે તેમાં આ ગામ વિશે થોડુંક લખાણ છે. એક વખત માડી નામે મોટું શહેર હતું. આપણા ક.વી.ઓ. જ્ઞાતિના અનેક નુખોની વસ્તી હતી. સંવત ૧૫૯૬ (સને ૧૫૪૦)ના સમયમાં લોકો ખેતીવાડીનો ધંધો કરી ગુજરાન ચલાવતા. સંવત ૧૭૬૩ (સને ૧૭૦૭)ના વખતમાં જાડેજા અજાજીનો રાજ્ય અમલ હતો. તેના કારભારીઓ વસ્તી ઉપર જુલમ ગુજારવાથી લોકો આજુબાજુનાં ગામડાંમાં નીકળી ગયા. માડી શહેરમાં વીરા નુખના ભાઈઓનાં અનેક કુટુંબો હતાં. જેમાંથી જીઆણી અને લખીઆણી કુટુંબના પરિવારોએ દેશલપુરમાં રહેવા ગયા.

૦૨. આ સિવાય ૫૨/૪૨ ગામના મંગરા, વરજડ, બાલાચોડ મોટી, ભાડઈ મોટી અને રાજડા ગામો હજી અસ્તિત્વ ધરાવે છે અને આ ગામોમાં ક.વી.ઓ. જ્ઞાતિ સિવાયની અન્ય જ્ઞાતિના લોકો રહે છે.

૦૩. આ પાંચ ગામોમાંથી આપણી જ્ઞાતિના લોકો બીજાં ગામોમાં શા માટે સ્થળાંતર કરી રહેવા ગયા તેની વિગત હોય તો મને જણાવશો.

૦૪. હાલના સમયમાં ચાંગડાઈ ગામનો દાખલો તાજો છે. કેટલાંક અસામાજિક તત્ત્વોની હેરાનગતિના કારણે આપણી કવીઓ જ્ઞાતિનાં બધાંજ ઘર ચાંગડાઈ ગામ છોડી આજુબાજુનાં ગામોમાં કાયમ વસવાટ માટે રહેવા ગયાનો છે. પરંતુ આ ગામનું મુંબઈ મહાજન હજી સક્રિય છે અને ગામના નામનું અસ્તિત્વ ટકાવી રાખ્યું છે.

મેરાઉ, દહિંસર મો. : ૯૮૬૯૧૧૩૮૭૫



# સાહિત્ય-અમૃત

**આલેખન : ચંદ્રકાંત હિરબાઈ શિવજી નંદુ**

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે એ હેતુથી ટિપ્પણીઓ સાથે અત્રે આપવામાં આવેલ છે.

રેખાંકિત આકૃતિઓમાંનું લેખન 'આલેખક' દ્વારા કરાયેલ વિવરણ અને ટિપ્પણીઓ છે. રેખાંકિત આકૃતિઓ બહારનું લેખન મૂળ કૃતિની પ્રતિકૃતિ છે.

| | | |
|---|---|---|
| પુસ્તક | : | **રેવન્યૂ સ્ટૅમ્પ.**<br>**(અમૃતા પ્રીતમની આત્મકથા)**<br>**મૂળ હિન્દીમાં 'रसीदी टिकट'** |
| લેખિકા | : | **અમૃતા પ્રીતમ** |
| અનુવાદ | : | **જયા મહેતા** |
| પ્રકાશક | : | **અશોક પ્રકાશન, અમદાવાદ** |
| પ્રકાશન વર્ષ | : | **૧૯૮૦- પુનઃમુદ્રણ - ૧૯૮૩** |

*અમૃતાના જીવનમાં સૂરજ કંઈક વિશિષ્ટ રીતે છવાયેલો છે. સૂરજનું આગમન અને સાંજના ધીરે રહીને કોઈક અગમ્ય પ્રયાણાર્થે અલોપ થઈ જવું એના જીવનને ન ઉકેલાતી અર્થછાયાઓ આપે છે.*

*આજે સૂરજ ફરી પાછો રાતનો કાળો કામળો ઓઢીને ધીરેથી પર્વતનો ઢાળ ઊતરી જાય છે, આવતી કાલે આવવાનું વચન દઇને.*

*'અલવિદા' હું પાછો આવીશને.*

*એવું અફર વચન આપીને એ વિદાય થાય છે.*

*અને ત્યારે અહીં તહીં વેરવિખેર પડેલા કેટલાય કાગળો સામે આવે છે. એ કાગળો છે અમૃતાની ડાયરીનાં પાનાં. વેરવિખેર પડેલાં.*

*અમૃતા કહે છે, એને ડાયરી લખવાની કોઈ આદત નથી. એણે ડાયરી લખવાના પ્રયત્નો કર્યા, પરંતુ ડાયરી લખવાનો નિયમ એને માટે અસહ્ય થઈ રહ્યો. એનું કારણ? એ કહે છે...*

એનું કારણ કદાચ એક ઉદાસ પશ્ચાદ્ભૂમિકા હતી - જે ચેતનના સ્તરેથી નહીં, પણ અચેતનના સ્તરેથી મારી સામે આવીને ઊભી રહી જતી હતી... કોણ જાણે.

*અમૃતાનાં લગ્ન થયાં પછીની વાત છે. એ સમયે અમૃતા નાની હતી. એ ડાયરી લખતી અને સંભાળીને તાળામાં રાખતી હતી. કબાટના અંદરના ખાનાની ચાવી અમૃતા ખૂબ સંભાળીને રાખતી, પરંતુ અમૃતાની આ સંભાળ કોઈકના ધ્યાનમાં હતી અને એકવાર અમૃતાથી છુપાઈને કબાટનું એનું ખાનું ખોલવામાં આવ્યું અને એની ડાયરી વાંચવામાં આવી અને પછી ડાયરીના કેટલાય લખાણ અંગે ખુલાસાઓ માંગવામાં આવ્યા. અમૃતાને ખૂબ દુઃખ થયું. એણે ડાયરી ફાડી નાખી અને ફરી ડાયરી ન લખવાનો મનમાં નિર્ણય કર્યો.*

*અને હવે અમૃતા મોટી થઈ છે. ડાયરી ન લખવાનો એનો નિર્ણય એને બાલિશ લાગવા માંડ્યો અને ફરી એકવાર એણે એના નિર્ણયને તોડીને ડાયરી લખવાનું શરૂ કર્યું. થોડો સમય એણે ડાયરી લખી અને અચાનક એક દિવસ એની ડાયરી ચોરાઈ ગઈ. એ તો સ્પષ્ટ હતું કે કોઈ સાધારણ ચોરને ડાયરી ચોરવામાં શું રસ હોય? નજીકના જ કોઈને એ ડાયરી મેળવવાની/વાંચવાની ઈચ્છા જાગી હોય. કોણ હશે એ વિશિષ્ટ વ્યક્તિ? અમૃતાને એનું ખૂબ દુઃખ હતું. પશ્ચાતાપ એનો કેડો નથી મૂકતો. આ ઘટનાઓએ અમૃતાને ડાયરી લખવાની વૃતિથી વિમુખ કરી દીધી. તે છતાં અમૃતા ક્યારેક કશુંક ટપકાવી લેતી અને આજે અમૃતા શોધવા બેઠી છે એ વિખરાયેલી તારીખોએ નોંધાયેલી વિખરાયેલી નોંધો. આ વેરવિખેર નોંધોમાંથી પસાર થઈએ એ પહેલાં આ ‘ડાયરી’ વિશે થોડી વાત કરીએ.*

*આમ તો સામાન્ય સમજ મુજબ ડાયરી એક એવી નોંધવહી છે જેમાં વ્યક્તિ પોતાનો રોજબરોજનો હિસાબ (આર્થિક હિસાબ) સમયના (તારીખના) ટાંચણ સાથે લખી રાખે છે. અહીં એની લેવડ-દેવડની કે અર્થ-ઉપાર્જન અને વ્યયની નોંધ હોય છે. આ નોંધ એને એના અર્થ-વ્યવહાર અંગે જાગૃત રાખવાની ઉપયોગિતા ધરાવે છે. પ્રવાસ અંગેની પણ ડાયરી હોય જેમાં વ્યક્તિ પ્રવાસ દરમ્યાન તારીખ સાથે એક સ્થળેથી અન્ય સ્થળે જવાની અને પ્રવાસની અન્ય વિગતોની નોંધ રાખે છે. આ રીતે વિવિધ*

*પ્રયોજનો અર્થે ડાયરી હોઈ શકે, પરંતુ રચનાત્મક પશ્ચાદ્‌ભૂમિકા ધરાવનાર વ્યક્તિની ડાયરી વિશિષ્ટ હોઈ શકે. સામાન્યપણે કોઈ સાહિત્યકાર કે કલાકારની ડાયરીમાં કોઈ ઘટના કે અન્ય વ્યક્તિ સાથેની મુલાકાત-સંવાદ, વ્યક્તિના એ સમયના વિચારો, મનની મથામણો, એના અનુભવો અને એના પ્રતિભાવો, એના અભિગમ, ગમા-અણગમા, એના જીવનનો એ સમય જે ક્યારેક વિષાદની છાયા દર્શાવતો હોય કે એની પરિતૃપ્તિ કે વ્યતીત થયેલા સમયની યથાર્થતા અથવા અન્યથા થેયલી નિષ્પત્તિનો આલેખ દર્શાવે છે. આમ ડાયરી એ એક વ્યક્તિના વ્યક્તિત્વની છબી ઉપસાવે છે. ડાયરી વ્યક્તિના મનોવિશ્વમાં પ્રવેશ કરાવી એની સાથે તાદાત્મ્ય સ્થાપિત કરવાની ક્ષમતા ધરાવે છે.*

*આપણે જોયું કે અમૃતાએ ડાયરી લખવાના કરેલા પ્રયત્નોમાં આવેલા વિક્ષેપોએ એના સાતત્યને ખોરવી દીધું. એના વ્યક્તિત્વના અહીં-તહીં વેરાયેલા અંશો જ છે આપણી પાસે. અમૃતાએ ૨૨ ઑગસ્ટ, ૧૯૬૮ની તારીખે લખેલી નોંધ –*

આજે એ વિખરાયેલી પંક્તિઓનો વિખરાયેલી તારીખોની નીચે શોધવા નીકળી છું, તો એ પણ બહુ ન મળી, જે મળી છે, તે આ પ્રમાણે છે :

ઘણું બધું સમકાલીન છે –

કેવળ એક ''હું'' મારો સમકાલીન નથી.

એમ તો જાણતી હતી કે આ બધી ઉદાસીનતા સ્વયંથી સ્વયં સુધીની વાત હતી.

*અમૃતાની આંખો, સામે પડેલા છાપાના પ્રથમ પાને પડે છે અને એક ધ્રુજારી અનુભવે છે. સોવિયેટ રશિયાના લશ્કરે ચેકોસ્લોવેકિયા પર અચાનક હુમલો કરેલ છે અને અમૃતા લખે છે.*

ફાસીઝમની ભયાનકતા ભોગવી નથી, કેવળ સાંભળી છે, અથવા એ જે દેશોએ ભોગવી છે તેમાં ફરતાં ફરતાં એનાં કેટલાંક ચિહ્નો જોયાં છે. તોપણ એની કલ્પના ભયાનક છે. એટલે જ સમાજવાદ સાથે સપનાનો મેળ મળે છે. એણે જે દેશોમાં જે કાંઈક પ્રાપ્ત કરી લીધું છે એનો ઈન્કાર નથી, પણ એથી આગળ જે કાંઈ પ્રાપ્ત કરવા માટે એ ઊભા થઈ ગયા છે એનું જ દુઃખ છે.

*અને પછી લખે છે:*

કવિતા મારી આસપાસ એક ચક્કર લગાવીને કોણ જાણે ક્યાં ચાલી ગઈ છે. ક્યાંની કયાં. કાગળ પર કેવળ પોતાના પગનાં નિશાન મૂકી ગઈ છે.'

બંદૂકની ગોળી-
જે એક વાર મને હનોઈમાં વાગે છે...
તો બીજી વાર પ્રાગમાં વાગે છે
અને એક ધુમાડો હવામાં તરે છે
અને મારો 'હું' આઠ મહિનાના બાળકની જેમ મરે છે.

૨૨ ઑગસ્ટ, ૧૯૬૮

***અહીં અમૃતાના મનમાં એ સમયની વાસ્તવિકતા થકી ઊભી થતી વિષાદભરી હલચલ ઊપસે છે. રશિયાનો સમાજવાદ અને એની ભીતર ઊછળતો સામ્રાજ્યવાદ. અકળાવનારી એ પરિસ્થિતિથી અનુભવાતી વ્યથા અમૃતાની કવિતામાં શબ્દદેહે પ્રકટે છે.***

***૧ સપ્ટેમ્બર, ૧૯૬૮ ની નોંધ. ડાયરીના આ પાના પર ગુલઝાર અને સન્તસિંહ સેખોં સાથેનો સંવાદ હળવાશભર્યો છે, પરંતુ હળવાશભર્યા આ સંવાદના આંતર-પ્રવાહમાં વર્તાય છે સમાજવાદની વરવી વાસ્તવિકતા. જુઓ...***

રાત ઘણી વીતી ગઈ હતી. ગુલઝારનો ફોન આવ્યો: 'આટલી રાત વીત્યે ફોન કરતાં ડરું છું.'

મેં હસીને કહ્યું: 'અભિજાત માણસ! ડરવાની શી જરૂર છે? હું સ્ટાલિનિસ્ટ નથી.'

તો એ પણ હસી પડ્યો. બોલ્યો: 'ઠીક, તો પછી એક સ્ટાલિનિસ્ટ સાથે વાત કરો, મારી પાસે બેઠો છે, એણે જ ફોન કરાવ્યો છે.'

અને પછી સન્તસિંહ સેખોંનો અવાજ આવ્યો: 'શા હાલ છે, મહારાજ?'

સેખોંમાં એક જાતની ઝિન્દાદિલી પણ છે. એટલે મેં હસીને કહ્યું : 'હાલ પૂછશો કે હાલ પણ ડિક્ટેટ કરાવશો, જેમ લોકોને દોસ્તી ડિક્ટેટ કરાવો છો?'

સેખોં હસવા લાગ્યા: 'આવા હુમલાથી ગભરાવું ન જોઈએ. જો ગુરુ રૂપ બદલી નાખે, તોપણ શિષ્યની આસ્થા જતી નથી.'

કહ્યું : 'ધન્ય છે તમારું શીખેલું, સેખોં સાહેબ! ગુરુ પણ બદલ્યા, તોયે આસ્થા ન તૂટી. પણ ગુરુવાણીની આડશ પાછળથી બહાર આવીને વાત કરો.'

આ ગઈકાલ રાતની વાત હતી. ૩૧ ઓગસ્ટની રાતની અને આજે એક હંગેરિયન લેખક ડૉક્ટર ઇસ્તવાન ઘરે આવ્યા એટલે મેં

કેટલાક પંજાબી લેખકોને પણ બોલાવ્યા, ત્યારે સેખોંએ મારી પાસે બેસીને હાલની એ રાજનીતિક ઘટના પર એક કવિતા લખી જેમાં સમાજવાદ એક કુંવારી રૂપાળી યુવતી જનતાનો રેપ કરે છે. સુંદરીની આંખમાં આંસુ આવે છે, પણ પછી હસે છે.

એ કવિતા વાંચીને દિલ બહુ ઉદાસ થયું- આપણા 'ચિંતકો' સમાજવાદના કેવા રૂપની કલ્પના કરી રહ્યા છે, કે જનતાનું દિલ જીતવાને બદલે એને રેપ કરીને, બલિ દર્શાવવામાં આવે છે... એ સમાજવાદ જનતાનો કેવો પ્રિયતમ છે. બિચારી જનતા.

૧ સપ્ટેમ્બર, ૧૯૬૮

*અને ૬ સપ્ટેમ્બર, ૧૯૬૮ની ડાયરીમાં અમૃતાની આ કવિતા.*

આજે એ લોકોએ પોતાનાં મકાનો, ગલીયો, બજારો અને સડકોના
નંબર ભૂંસી નાખ્યા છે...
**મારું સરનામું:**
આજે મેં મારા ઘરનો નંબર ભૂંસી નાખ્યો છે
અને ગલીને નાકે લગાડેલું પાટિયું દૂર કર્યું છે
અને દરેક સડક પરનાં દિશાસૂચનો ભૂંસી નાખ્યાં છે,
પણ જો તમારે મને મળવું જ હોય
તો દરેક દેશના દરેક શહેરની દરેક ગલીનું દરેક બારણું ખખડાવો.
આ એક શાપ છે, એક વરદાન છે
અને જ્યાં એક સ્વતંત્ર આત્માની ઝલક દેખાય
- સમજી જજો, એ મારું ઘર છે.

૬ સપ્ટેમ્બર, ૧૯૬૮

***ડાયરીનાં આ પૃષ્ઠો પર અમૃતા પ્રકટ થતી જણાય છે. સમાજવાદની વિચારધારાથી અમૃતા પ્રભાવિત જરૂર છે, પરંતુ આ સમાજવાદની પાછળ નેપથ્યમાં સામ્રાજ્યવાદના નગ્ન નૃત્યથી એ વ્યથિત છે.***

***અમૃતાની ડાયરીનાં કેટલાક પાનાં હજી વાંચવા છે. કદાચ...***

*હવે પછી - ડાયરીનાં પાનાં*

*(ક્રમશઃ)*

**સંપર્ક : ૯૩૨૩૫ ૪૧૩૫૧**


**કચ્છ - બાડા**

# પગદંડીને પત્ર

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

## કચ્છની મુસાફરી

દાયકાંઓ પહેલાં મુંબઈ-કચ્છ માંડવી વચ્ચે આગબોટથી આવવા-જવાની મુસાફરી કરવાની શરૂઆત થઈ. મુંબઈથી કરાચી સુધી પેસેન્જર સર્વિસ એક ભાટિયા કુટુંબે, સિંધિયા સ્ટીમ નેવિગેશનના નામથી કંપની દ્વારા ચલાવી. મુંબઈથી સાબરમતી અને સરસ્વતી નામની બે સ્ટીમરો મારફત મુંબઈથી કચ્છ માંડવીના અંદાજે ૪૦૦ મુસાફરોને કરાચી જતી સ્ટીમરોમાં, અઠવાડિક એક ફેરીરૂપે, માંડવી અને મુંબઈ વચ્ચે આવ-જાવ કરવાની સુવિધા આપવાની શરૂઆત કરી ! કચ્છી લોહાણા શેઠ કાનજી જાદવજીની કું. એ ટિકિટની વ્યવસ્થા એજન્ટ તરીકે સંભાળી! માંડવી બંદર પર રેતીના લીધે કિનારો છીછરો હોવાથી અને ડ્રેજરની સગવડ ન હોવાથી, સ્ટીમર કિનારા સુધી આવી શકે તેમ ન હોવાથી બે માઈલ દરિયામાં દૂર ઊભી રાખવી પડતી! બે માઈલ સુધી મુસાફરોને સ્ટીમર સુધી ચડાવવા અને ઉતારવાની ગોઠવણ, માંડવીના નાખવા કોમના સાગરખેડુ યુવાનો સાથે યોગ્ય મહેનતાણાથી નક્કી કરવામાં આવી!



બે માઈલ દૂર ઊભી રહેતી સ્ટીમરના બોઇલરના ધુમાડા જોઈને, ૧૫ થી ૨૫ નાનીનાની હોડીઓ લઈને, સ્ટીમરની દિશામાં, મુસાફરોને લઈ જવા અને લઈ આવવા, શક્ય એટલી ઝડપથી સ્ટીમર પર પહોંચી જતા! સાગરના અનુભવી, યુવાન, પડછંદ, મરજાદી અને પ્રામાણિક નાખવાઓ, સ્ટીમર પર ચડવા-ઉતારવા માટેની, દોરડા સાથે બાંધેલી અને હાલક-ડોલક થતી નીસરણી દ્વારા પ્રવાસીઓને ખૂબ ચીવટપૂર્વક ચડાવતા અને ઉતારતા! ક્યારેક કોઈ વૃદ્ધ કે અશક્ત પ્રવાસી પાણીમાં પડી જાય તો તરત બચાવી લેતા! ક્યારેય કોઈ જાનહાનિ થઈ હોય એવો એક પણ દાખલો નોંધાયેલ નથી! હા, પવનની પ્રતિકૂળતા તથા દરિયાનાં મોજાંમાં વધારે ઉછાળાને લીધે હોડીઓ, સ્ટીમર પરથી ઉતારીને પ્રવાસીઓને લઈને આવતી વખતે માર્ગમાં ફંટાઈને, તુણા તેમજ મુન્દ્રા બંદરના કિનારાઓ તરફ વળી જતી!

સામાન્ય અગવડો જરૂર હતી, છતાં પણ સ્ટીમરનો પ્રવાસ એ એક સાગરની સફરની મોજ માણવાનો આનંદ જે આઠેક દાયકા વટાવી ચૂકેલા વડીલોએ માણ્યો છે તેમને પૂછશો તો ઘણી રોમાંચક વાતો આ વિશે જાણવા મળશે !

૧૯૬૫ના વર્ષે સરસ્વતી નામની સ્ટીમર મુંબઈથી કરાચી માટે રવાના થઈ તેમાં કચ્છ માંડવીના ૨૫૦ મુસાફર હતા. તેમને માંડવી બંદરે ઉતારી એ સ્ટીમર કરાચી પહોંચી ત્યારે પાકિસ્તાનની સરકારે એને જપ્ત કરી લીધી! બસ એ દિવસ બાદ મુંબઈ-માંડવીની દરિયાઈ સફર પર પૂર્ણવિરામ મુકાઈ ગયો !

ત્યાર બાદ રેલ્વે સફરની વિસ્તૃત સગવડ કરવામાં આવી. ટ્રેનોની સંખ્યા ઘણી વધી છતાં આજે પણ રેલ્વે પ્રવાસ પ્રમાણમાં ખૂબ મુશ્કેલ બનતો રહ્યો છે !

તા. બીજી માર્ચ, '૨૫ના ગુજરાત સમાચારમાં ખબર છપાયેલ છે કે મુંબઈથી ગોવા માટે રો-રો બોટ સર્વિસ ચાલુ કરવા તૈયારી શરૂ થઈ ગઇ છે! જે સસ્તી અને સગવડ સાથે ઝડપી મુસાફરી હશે ! સરકારના આ નિર્ણયની સરાહના કરવી જ રહી.

જો આવી સમુદ્ર પરની મુસાફરી મુંબઈથી ગોવા માટે શક્ય થઈ શકે તો એવી જ રો-રો બોટ સર્વિસ મુંબઈથી કચ્છના કંડલા, તુણા કે મુન્દ્રા બંદરો માટે પણ ચોક્કસ કરી શકાય!! આવી વ્યવસ્થા થાય તો હાલની રેલવે સફરની હાલાકીમાં ખૂબ મોટી રાહત મળે !

આપણા કચ્છની દરેક નાતના સમાજના મોભીઓ, શ્રેષ્ઠીઓ અને દાતાઓ સંયુક્ત સભા બોલાવી, કચ્છ માટે આવી બોટ સર્વિસ ચાલુ કરવા, સરકારી મેરીટાઇમ બોર્ડ સાથે વાટાઘાટ ફરી યોગ્ય કરવા, આ દિશામાં પગલાં લેવા દબાણ લાવવું જોઈએ.

સાથે સાથે આપણી સામાજિક સંસ્થાઓ જેવી કે કચ્છ યુવક સંઘ, કચ્છ જાગૃતિ અભિયાન અને કચ્છ પ્રવાસી સંઘ, સૌ સાથે મળી આ વિષયમાં ચર્ચા-વિચારણા કરી, કચ્છની પ્રજા માટે અતિઉપયોગી, સાગરી યાતાયાતના પ્રબંધ અંગે ત્વરિત નિર્ણય લે એવી અપેક્ષા અસ્થાને નહીં ગણાય!

જૈન યુથ ફોરમ જેવી એક સંસ્થા, કચ્છીઓને કચ્છમાં વસાવવા માટે અથાગ પ્રયાસો કરે છે. એ સંસ્થાને પણ આવી યાતાયાતની વ્યવસ્થાના નિર્માણથી અનેરું બળ મળશે !

આશા રાખીએ કે દરેક કચ્છી માડુને નજીકના ભવિષ્યમાં, મુંબઈથી વતન જવા આવવા માટે સામુદ્રિક પ્રવાસ ઉપલબ્ધ થશે જ !!

જય હિન્દ! જય કચ્છ!

વસંત જેઠીબાઈ લીલાધર ગાલા - કચ્છ કેસરી
દેવપુર, મુલુંડ

# ઊર્મિલહર



**સંપાદક : વિશન પાનબાઈ દેવરાજ નાગડા**

મિઠા,

કાનેં-મંતર વિગર જેં શબ્દેંજી જાત્રામેં પાં ગ્યે મેણે (૧) વરગ-વર્ગ, સમૂહ (૨) વરચસ-વર્ચસ, પ્રભુત્વ (૩) વરણ - ફાયદો ઈની ત્રોઇંજી ગાલ કિઈ. હાણે ઈગીયા પગ મંઢીયૂં.

૧) વરત (સ્ત્રી) વરત; વાવમાંથી કોસ ખેંચવાનું દોરડું (f) rope tide to leather-bucket for drawing it up
(વાક્ય) બાપા પુતરકે ચ્યાં, પુતર વરત ઘસજી રિઈ આય સે સંભારજ ભલા !

૨) વરત (સ્ત્રી) (કોઈના ઉપકારનો) બદલો વાળવો તે (f) To pay back somebody's obligation
(વાક્ય) ગુરંધલ જી વરત વારે વિગર માડૂકે સુખ કીં અચે ?

૩) વરતન (પું) - વર્તન, (m) Behaviour
(વાક્ય) અજ જમાનેમેં હાણે માડૂએંજા વરતન ફિરીવ્યા અંઈ.

૪) વરતર (પું) વળતર; પ્રાપ્તિ-કમાણી (m) return; gain
(વાક્ય) ધંધો ત કયૂં તા, પ હાણે અગૂણૂં વરતર કિડો આય ?

**પનપટીઃ** 'વરત' જી ગાલ કઈંધે પાં કેંજે ઉપકારજો ભધલો વારી ડિનેજી ગાલ કિઈ. કચ્છી લોકપરંપરા ઉપકાર કે અમૂલો સમજે તો, ને ઇતરેજ ઉપકાર કે નજરમેં રખીને હિકડી લાખેણી ચોવક પાંકે પાંજે માયતરેં વટા જુડઈ આય. ''કંઢો કઢે તેંજો પ ગુણ ન ભુલાજે,' (કાંટો કાઢે એનો પણ ઉપકાર ન વિસરાય) ગાલ નિંઢી આય હિકડો જિરાખત કંઢો કઢેજી, પણ આય મૂર ઉપકાર મથે. કોય પાં મથે ઉપકાર કરે તેર ઉનજી ભધલો વસૂલ કેજી ભાવનાં નતી વેં. નિસ્વાર્થ ભાવે થીયે સે ઉપકાર. ગમે તિતરો મામૂલી કુલા ન વે, પણ કોય પાંતેં હિકીયાર ઉપકાર કેં ત પાંકે ઉનજે ઉપકાર કે જમાર સજી જાધ રખણૂં જરૂરી આય. ભલેં તડેં કિતાક 'વરત' જો કોક અરથ મિલે ત ચોજા!

૯૮૨૦૪૫૬૮૯૯ નં તે કુછાઈજા.

- **આંજો વિશન**

•••••••••••••••••••••••

ન-ઈ મુરખ અકલ કે મારે તો,
કેંડી ખર કુરો ભલા પિંઢકે ધારે તો,
હેડો મિડે ખિલેજો કારણ કુરો 'તેજ'
કારણ પધરો આય અનરથ સારે તારે!
**(કવિ 'તેજ')**

## 'સનાતન સત્ય'

અમાસનાં ચાંદની ચમકાર શું કરે ?
મેઘ વિના મેહુલો ટહુકાર શું કરે ?
યુગો યુગથી આતો સનાતન સત્ય છે,
કે પગ વિના ઝાંઝરો ઝણકાર શું કરે ?

લોક વગર ગામનો શાહુકાર શું કરે?
મંદિર વિના ઘંટનો રણકાર શું કરે?
અશાંત છે વિશ્વ જ્યાં આતંક અદાકાર,
જુઓ રિના મ હાન કલાકાર શું કરે ?

**પ્રવીણ જવેરબેન દામજી ગોગરી (પ્રેમ) - દહિંસર**
**ફોન : ૨૮૯૫ ૩૪૫૯**

---

## લમૂં ન હલધા...

પાણી તે પરપોટા લમૂં ન હલધા
તાયફા તૂત ખોટા લમૂં હલધા

ધિલેરી ધૂલેં જી ભવેં નતી ભુલાજે
કેજે મન જા તોટા લમૂં ન હલધા

પૂજે ગિનોં માં પે હૈયાતી મેં માન ડિઈ
છબી મડયા ફોટા લમૂં ન હલધા

આખર સચી શાંતી ઘરમેં મિલેતી
રેયાણ વારા ઓટા લમૂં ન હલધા

આનાં ગિનો ખીરજા ખીર ડ્યો'કસભી'
વિજો પાણીજા લોટા લમૂં ન હલધા

**- હરેશ દરજી કસભી**
નલીયા કચ્છ

## પરવા નથી

કોણ શું બોલે કશી પરવા નથી.
કામ ખોટાં તો કદી કરવા નથી.

સત્યનાં કાર્યો હમેશાં ઝળહળે,
જોર, બળથી દિલ કોઈ હરવાં નથી.

ઉડવું ઉંચૂં ના રહેવું ભોંય પર,
વાહ! નાં આભૂષણો ધરવા નથી.

મન કૂવે શીતળ મધુરું જળ મળે,
તો અકારા સાગરો તરવા નથી.

'દિવ્ય' ધીરે રહી હવે આગળ વધો,
ખૂબ ઊંચા ડગ જરા ભરવા નથી.

**ડૉ. દિવ્યા દેઢિયા 'દિવ્ય'**

---

## પ્રભાવ

જીવનમાં રાખવો છે એવો સ્વભાવ,
કોઈથી પણ કદી ના થાય અભાવ.

જિંદગીનું નામ છે સુખ અને દુઃખ,
પ્રેમ કેરો નાતો તું સહુથી નિભાવ.

મિત્રતાનો સુંદર સંબંધ છે અદકેરો,
આપવા આરપાર પ્રગટ પ્રતિભાવ.

ચાર દિનની જિંદગી, જીવી લે મોજે,
સહુની સાથે રાખવો રહ્યો સમભાવ.

વજન પડે, કરવા સદા એવાં કાર્યો,
ફાની દુનિયા છોડતાં. પાછળ રહે
જોરદાર **પ્રભાવ.**

**- હિનાભેદા.... ''હિના''**
**કપાયા**

## BRUSH STROKES OF JOY

The Church doors welcomed
me inside
as I unpacked my Paints
The easels stood still,
waiting to be embraced.
The water was poured in
each of the Cups,
and as time passed by.
I filled them all up.

The Children Flew in
through the open doors.
Their warm laughter,
a powerful roar,
Hand in hand,
Their paint brushes moved
Painting their life,
that I had improved.

My mom and I, my sister,
us three helped the others
create a memory.
These little things that
we can give each day.
are like beautiful colors.
breaking the gray.

Their brushes moved swiftly.
as they finished their piece
And with a Smile on their face.
their hearts were at peace.
in our community
I choose to share
these wonderful Experiences
that many find rare

These little things
like housing an events,
Can make some one's day
much better Spent

**Sara Avni Nainil Chheda** (13 yrs)
Nani Khakhar, Bostan - U.S.A.

## મડે

અચીંધલ આડર મડે.
થકલ લિખ આબર મડે.

સુમી રોંધો કૂંકડો,
લમી નિઇં ચાધર મડે.ૉ

ધુબો જિતરી ઉઅ, નો
સજો હરપાસર મડે.

સુણી છમછમ પેરજી,
અડણા મુઇ! અવસર મડે.

અડીખમ વામોં ઉભણા,
જાડ થોડી લર મડે.

જગો ઇનજી મનપસ,
ચુટો ચિત ઈશ્વર મડે.

સુખોંજા ડીં કુર મડે!
'ન પે મોંતે સર', મડે.

વતાયાં ભણાતર રુગી,
'તિમિર', જગ ગુણાતર મડે.

**- રવિ પેથાણી 'તિમિર'**

❂ ❂ ❂ ❂ ❂ ❂ ❂ ❂ ❂

સંતે ભેરો વેજે તાં સંસાર તરા જે,
ફૂલેં જે વિચ્ચમેં તા બુસકાર માણા જે!

❂❂❂

'તેજ' લિકાઈ કડેં લિકજે ન,
ઈ જ સાધનાજી સાન,
પિંઢ હાજર ન-વેં ને હકલ થીએ,
ઈ સચ્ચો સનમાન!!

**કવિ 'તેજ'**

# શ્રી ક.વી.ઓ. સેવા સમાજ

**આયોજિત**

## ''નવનીત ફાઉન્ડેશન''

**પ્રાયોજિત**

## કચ્છી ક્રિકેટ ટૂર્નામેન્ટ વર્ષ ૨૦૨૪-૨૫ (વર્ષ ૪૦મું)

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ દ્વારા છેલ્લાં ૪૦ વર્ષોથી નવનીત પરિવાર (રાયણ-દાદર)ના આર્થિક પીઠબળથી આ ટૂર્નામેન્ટનું આયોજન થાય છે.

દર વર્ષે આ ટૂર્નામેન્ટો જનરલ ગ્રુપ, ગ્રામ ગ્રુપ, ટી-૨૦, લેજન્ડ કપ, મિડ-ડે કપ વગેરે વિભાગોમાં યોજાય છે.

**T-20 (ગ્રામ ગ્રુપ) :-**

આ વર્ષે T-20માં (૧) નાની તુંબડી, (૨) પુનડી, (૩) બિદડા, (૪) બિદડા (A), (૫) પત્રી, (૬) વાંકી, (૭) માપર, (૮) ગોધરો, (૯) દેવપુર, (૧૦) બાડા, (૧૧) શેરડી, (૧૨) કારઘોઘા, (૧૩) નરેડી, (૧૪) કોડાય, (૧૫) રામાણિયા (૧૬) કોડાય, (૧૭) સાડાઉ, (૧૮) સાભરાઈ, (૧૯) ડુમરા, (૨૦) નાગલપુર, (૨૧) રતાડિયા ગણેશવાલા, (૨૨) લાયજા, (૨૩) ભુજપુર (SR), (૨૪) કપાયા, (૨૫) ડોણ, (૨૬) વડાલા, (૨૭) ગઢશીશા, (૨૮) દેવપુર (જુનીયર), (૨૯) ગુંદાલા, (૩૦) નવીનાર, (૩૧) દુર્ગાપુર, (૩૨) નાના ભાડિયા, (૩૩) કોટડા રોહા, (૩૪) બારોઈ, (૩૫) ભોજાય, (૩૬) કોટડી મહાદેવપુરી, (૩૭) દેશલપુર, (૩૮) મોટી ખાખર, (૩૯) બેરાજા, (૪૦) લુણી), (૪૧) લાખાપુર એમ કુલ ૪૧ ટીમોએ ભાગ લીધેલ.

આ ટૂર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાં એલાઈટ ગ્રુપ તથા પરાજિત ટીમોને પ્લેટ ગ્રુપ એમ બે ગ્રુપમાં વિભાજિત કરવામાં આવે છે. તા. ૧૬ ઑક્ટોબર ક્વૉલિફાઈંગ રાઉન્ડથી ૧૦ ડિસેમ્બર સેમિ-ફાઈનલ રાઉન્ડ સુધીની બધી મેચો આઝાદ મેદાન, દાદર, માટુંગાના ગ્રાઉન્ડની પિચો પર યોજાઈ હતી.

ફાઈનલ તા. ૨૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ફાતિમા ગ્રાઉન્ડ, વિદ્યાવિહાર ખાતે યોજાઈ.

**એલાઈટ ગ્રુપ :- પુનડી ૧૦૨/૯ સામે બિદડા (૧૦૬/૬) વિજયી રહેલ.**

**મૅન ઑફ ધ મૅચ :** વિરલ છેડા (બિદડા)

**મૅન ઑફ ધ ટૂર્નામેન્ટ :** જય છેડા (પુનડી)

**બેસ્ટ બૅટ્સમેન :** નિશાંત ફરિયા (બેરાજા)

**બેસ્ટ બૉલર :** સચીન મોતા (દેવપુર)

**બેસ્ટ ફિલ્ડર :** જીનીત પાસડ (કોટડા રોહા)

**પ્લેટ ગ્રુપઃ ડોણ ૧૧૮/૮ સામે દેશલપુર (૧૧૯/૩) વિજયી રહેલ.**

**મૅન ઑફ ધ મૅચઃ** કેવલ વીરા (દેશલપુર)

**બેસ્ટ બૅટ્સમેન :** વિશાલ ગોગરી (ડોણ)

**બેસ્ટ બૉલર :** પારસ વીરા (દેશલપુર)

**બેસ્ટ ફિલ્ડરઃ** રોનક ગાલા (દેશલપુર)

**પ્લેયર ઑફ સિરિઝઃ** જ્યોત વોરા (નવીનાળ)

**ગામ ગ્રુપ (૪૦ ઓવર) :**

આ વર્ષે ગામ ગ્રુપમાં (૧) નાની તુંબડી, (૨) પુનડી, (૩) બિદડા, (૪) બિદડા (એ), (૫) કોટડા રોહા, (૬) લાખાપુર, (૭) ગઢશીશા, (૮) કારાઘોઘા, (૯) રામાણિયા, (૧૦) ડોણ, (૧૧) રતાડિયા ગણેશવાલા, (૧૧) દેવપુર, (૧૩) નાના ભાડિયા, (૧૪) મોટી ખાખર, (૧૫) ગુંદાલા, (૧૬) રાયણ, (૧૭) વડાલા, (૧૮) કોડાય, (૧૯) શેરડી, (૨૦) દેશલપુર, (૨૧) ડુમરા, (૨૨) નરેડી, (૨૩) પત્રી, (૨૪) ગોધરા, (૨૫) બાડા, (૨૬) ભુજપુર (જુનિયર), (૨૭) ભુજપુર (સિનિયર) એમ કુલ ૨૭ ટીમોએ ભાગ લીધેલ.

જાન્યુઆરી ૨૫ થી ફેબ્રુઆરી ૨૫ દરમ્યાન, સેમિ-ફાઈનલ સુધીની બધી મૅચો આઝાદ મેદાન, દાદર, માટુંગાના ગ્રાઉન્ડની પિચો પર યોજાઈ હતી .

ફાઈનલ મૅચ તા. ૧૧ માર્ચ ૨૦૨૫ના રોજ ફાતિમા ગ્રાઉન્ડ, વિદ્યાવિહાર ખાતે યોજાઈ જેમાં **બિદડા ૧૯૩ સામે દેશલપુર ૧૯૩ : ૨ન સુપર ઓવરમાં ૩ રનથી વિજયી રહેલ.**

**મૅન ઑફ ધ મૅચઃ** પારસ વીરા (દેશલપુર)

**બેસ્ટ બૅટ્સમૅનઃ** ચિરાગ ગડા (બાડા)

**બેસ્ટ બૉલરઃ** અમીત દેઢિયા (દેશલપુર)

**બેસ્ટ ફિલ્ડર :** શુભ ગાલા (દેશલપુર)

**મૅન ઑફ ધ સિરિઝઃ** પારસ વીરા (દેશલપુર)

**જનરલ ગ્રુપઃ**

આ વર્ષે જનરલ ગ્રુપમાં (૧) YECC, (૨) YECC (A), (૩) હિંદમાતા, (૪) શક્તિ, (૫) યુવા શક્તિ, (૬) ડૉંબિવલી ક.વી.ઓ., (૭) શક્તિ જુનિયર, (૮) ભુજપુર, (૯) એલીસ યુનાઈટેડ વોરીઅર્સ, (૧૦) લીડ (A), (૧૧) મુલુંડ ક.વી.ઓ., (૧૨) મુલુંડ ક.વી.ઓ. (જુનિયર), (૧૩) ભુજપુર (જુનિયર), (૧૪) દેવપુર, (૧૫) રાઈઝર રેડ (૧૬) વિલે પાર્લે ક.વી.ઓ., (૧૭) લીડ, (૧૮) યુવામન, (૧૯) લીડ C, (૨૦) યુવામન (A), (૨૧) ડૉંબિવલી ક.વી.ઓ. જુનિયર, (૨૨) ડૉંબિવલી ક.વી.ઓ. ઈમરજીંગ, (૨૩) દેવપુર રાઈઝર, (૨૪) મીરારોડ સ્માઈલ ક્લબ, (૨૫) RG.CC., (૨૬) લીડ (B), (૨૭) મીરારોડ (A), (૨૮) કમ્ફર્ટ ચેલેન્જર્સ, (૨૯) બોરીવલી, (૩૦) શક્તિ સિનિયર (૩૧) YMCC, (૩૨) YMCC (A), (૩૩) YMCC (B), (૩૪) YMCC (C), (૩૫) અંતરા, (૩૬) અંતરા (A), (૩૭) અંતરા (B) ૩૮) ૫૦+ લેજન્ડ એમ કુલ ૩૮ ટીમોએ ભાગ લીધેલ.

આ ટૂર્નામેન્ટ A/B/C/D એમ ચાર વિભાગોમાં યોજાયેલ. ફેબ્રુઆરીથી માર્ચ ૨૫ દરમ્યાન સેમિ-ફાઈનલ સુધીની દરેક ગ્રુપની મૅચો દાદર માટુંગાના ગ્રાઉન્ડની પિચો પર યોજાઈ હતી.

**A ડિવિઝનની** ફાઈનલ મૅચ તા. ૧૪ માર્ચ ૨૦૨૫ના રોજ કર્નાટક ક્રોસ મેદાન ખાતે રમાઈ જેમાં

**વિનર ટીમ :** અંતરા એસીસ

**રનર ટીમ :** બોમ્બે મેટ્રિક્સ YMCC

**પ્લેઅર ઑફ ધ ફાઈનલ :** કાર્તિક સાવલા (બેરાજા)

**બેસ્ટ બૅટ્સમૅન :** શિવમ ગડા (ડુમરા)

**બેસ્ટ બૉલર :** જય છેડા (પુનડી)

**બેસ્ટ ફિલ્ડર :** આકાશ સાવલા (બેરાજા)

**પ્લેઅર ઑફ ધ ટૂર્નામેન્ટ :** કુંજ વોરા (બિદડા)

**B ડિવિઝનની** ફાઈનલ મૅચ તા. ૨૫ માર્ચ ૨૦૨૫ ના રોજ પુરંદરે સ્ટેડિયમ દાદર ખાતે યોજાઈ જેમાં

**વિનર ટીમ :** યુવામન એસ. સી.

**રનર ટીમ :** વિલે પાર્લે ક.વી.ઓ.

**પ્લેઅર ઑફ ધ ફાઈનલ :** મીત દેઢિયા (ભુજપુર)

**બેસ્ટ બૅટસ્મૅન :** અંકિત ધરોડ (પત્રી)

**બેસ્ટ બૉલર :** વંદિત સાવલા (કાંડાગરા)

**બેસ્ટ ફિલ્ડર :** જશ દેઢિયા (તલવાણા)

**પ્લેઅર ઑફ ધ ટૂર્નામેન્ટ :** ભાવિન રાંભિયા (નાના ભાડિયા)

**'C' ડિવિઝનની** ફાઈનલ મૅચ તા. ૨૦ માર્ચ, ૨૦૨૫ના રોજ માટુંગા જિમખાના ખાતે યોજાઈ જેમાં

**વીનર ટીમ :** અંતરા એસીસ (C)

**રનર ટીમઃ** લીડ સી.સી. (A)

**પ્લેઅર ઑફ ધ ફાઈનલ :** નૈતિક નાગડા (સણોસરા)

**બેસ્ટ બૅટસ્મૅન :** જૈનેશ ગાલા (લાખાપુર)

**બેસ્ટ બૉલર :** જય શાહ (બાડા)

**બેસ્ટ ફિલ્ડર :** કેવલ દેઢિયા (પુનડી)

**પ્લેઅર ઑફ ધ ટૂર્નામેન્ટઃ** મલક ગંગર (લાખાપુર)

'D' ડિવિઝનની ફાઈનલ મૅચ તા. ૨૦ માર્ચ ૨૦૨૫ના રોજ DPC ગ્રાઉન્ડ (ટુકડી) ખાતે યોજાઈ જેમાં

**વિનર ટીમ :** ૫૦+ લેજન્ડસ્ ગ્રુપ

**રનર ટીમઃ** મીરારોડ સી.સી.

**પ્લેઅર ઑફ ધ ફાઈનલઃ** વિપુલ ગાલા (સમાઘોઘા)

**બેસ્ટ બૅટસ્મૅન :** જિગર રાંભિયા (રામાણિયા)

**બેસ્ટ બૉલર :** વિનેશ વોરા (કુંદરોડી)

**બેસ્ટ ફિલ્ડર :** મેહુલ ગાલા (દેવપુર)

**પ્લેઅર ઑફ ધ ટૂર્નામેન્ટઃ** નીલ ગાલા (ગોધરા)

દરેક ખેલાડીઓને અભિનંદન ટૂર્નામેન્ટ બાદ નવનીત પરિવારના સભ્યો અને સેવા સમાજના અધિકારીઓના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવેલ.

**લેજન્ડ કપ**

લેજન્ડ કપ ટૂર્નામેન્ટમાં આ વર્ષે ૫૦ વર્ષની ઉપરની ૧૨૦ વ્યક્તિઓએ ભાગ લીધેલ જેમની ૧૦-૧૦ ખેલાડીઓની ૧૨ ટીમો બનાવવામાં આવેલ. દરેક ખેલાડીઓને પોતાની રમતનું પ્રદર્શન કરવા મળે એ હેતુથી લીગ રાઉન્ડમાં ૬ ઓવરની મૅચ રમાડવામાં આવી હતી

**ગ્રુપ - A માં**

૧) નવનીત એલીજન્ટ, ૨) નવનીત ટાઈટન, ૩) નવનીત ક.વી.ઓ., ૪) નવનીત ડાયમંડ, ૫) નવનીત સ્ટાર્સ, ૬) નવનીત એજ્યુકેશન

**ગ્રુપ - B માં**

૧) નવનીત જ્વેલ્સ્, ૨) નવનીત નીન્ઝાસ, ૩) નવનીત યુનાઈટેડ, ૪) નવનીત ગ્લાઈડિટોર્સ, ૫) નવનીત ગોલ્ડ, ૬) નવનીત ફાઉન્ડેશન

તા. ૬, ૧૩ અને ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ માટુંગા ખાતે ત્રણ લીગ રાઉન્ડ મેચોનું આયોજન કરવામાં આવ્યું.

આ વર્ષે પ્રથમ વખત ફાઈનલ મૅચ તા. ૨૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ લોનાવલા ખાતે યોજાયેલ હતી. જેમાં નવનીત ઍજ્યુકેશન સામે નવનીત યુનાઈટેડનો ૫૯ રનથી વિજય થયો.

**મિડ-ડે કપ**

મિડ-ડે કપનું આયોજન ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ કરવામાં આવેલ જેમાં ક.વી.ઓ.ની દરેક ટીમના બેસ્ટ ખેલાડીઓમાંથી ૨૨ ખેલાડીઓએ આ ટૂર્નામેન્ટમાં ભાગ લીધો.

- સંપૂર્ણ ટૂર્નામેન્ટના પ્રાયોજક નવનીત ફાઉન્ડેશન પરિવાર

- ભાગ લેનાર સર્વે ખેલાડીઓ અને મૅચ નિહાળવા પધારેલ સર્વે પ્રેક્ષકોનો સેવા સમાજ હાર્દિક આભાર માને છે.

લિ.

**કન્વીનર :**

પ્રકાશ વાલજી વોરા (નવીનાર)

**સમિતિ સભ્યો:**

ડૉ. રાજેશ ટોકરશી સાવલા (નાની તુંબડી)

મુકેશ હીરજી ગડા (ભોજાય)

સંજય ચાંપશી છેડા (પુનડી)

દિપેશ ચંદ્રકાંત છેડા (બિદડા)

ધીરેન કીર્તિ દેઢિયા (ભુજપુર)

નિશાંત પ્રફુલ ફરિયા (બેરાજા)



# એકાંકી નાટ્યસ્પર્ધા
# અહેવાલ

સંકલનઃ કન્વીનર - રાજેશ નિર્મલાબેન હરિલાલ છેડા - પત્રી- કાંદિવલી

આ વર્ષે ગાલા સ્પ્રિંગના પ્રાયોજનથી શ્રી ક.વી.ઓ સેવા સમાજની સાંસ્કૃતિક સમિતિએ રવિવાર તા.૨૦-૦૪-૨૦૨૫ ના રોજ એકાંકી નાટ્યસ્પર્ધાનું આયોજન યશવંત નાટ્યગૃહ-માટુંગા ખાતે કર્યું હતું. શ્રી ક.વી.ઓ. સેવા સમાજની આ સાંસ્કૃતિક ટીમ વિવિધતાભર્યા કાર્યક્રમોનું આયોજન કરવા માટે જાણીતી છે.

સમાજમાં નાટ્યકળાને પ્રોત્સાહન આપવા અને સારા દિગ્દર્શકો અને કલાકારો તૈયાર કરવાના ઉદ્દેશ સાથે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભાગ લેનારી દરેક ટીમને સંસ્થાની સાંસ્કૃતિક સમિતિએ સમયે સમયે પ્રૅક્ટિસ દરમિયાન પીઠબળ પૂરું પાડ્યું હતું.

**એકાંકી માટેની બારાખડી**

એકાંકી એટલે લઘુનાટિકા. નિર્ધારિત સમય મર્યાદામાં ભજવાતા નાટકમાં અભિનય - વાર્તા વેશભૂષા-પ્રકાશ-સાઉન્ડ સર્વેનો સમાવેશ કરી ટૂંકા સમયમાં ભજવાતું નાટકનું લઘુ સ્વરૂપ.

એકાંકી મુખ્યત્વે તખ્તા પર ભજવવા માટે લખાય છે. એટલે અભિનય ક્ષમતા એનું એક વ્યાવર્તક લક્ષણ બની રહે છે. લાંબા નાટકની જેમ એકાંકીમાં પણ વસ્તુનો...

| | |
|---|---|
| - આરંભ | (Opening) |
| - ઉદ્‌ઘાટન | (Exposition) |
| - વિકાસ | (Development) |
| - વિષમ પરિસ્થિતિ | (Dramatic Situation) |
| - કટોકટી | (Crisis) |
| - પરાકાષ્ઠા | (Climax) |
| અને | And |
| - સ્ફોટક અંત | (Resolution) |

એવા ક્રમમાં ૩૦-૩૫ મિનિટમાં ઓછામાં ઓછી સામગ્રીનો ઉપયોગ કરીને ભજવવાનો હોય છે.

એકાંકીના પ્રારંભે વસ્તુના ઉદ્‌ઘાટનની થોડીક પળો એવી હોય છે જે વસ્તુનાં રહસ્યોનો અણસાર પણ આપે અને તેને ઘણીબધી રીતે અકબંધ પણ રાખે. વસ્તુનો વેગ પકડે ન પકડે ત્યાં સાવ

અણધારી કટોકટી આગળ આવીને તે ઊભું રહે અને પ્રેક્ષકોનું કુતૂહલ વધે અને થોડીક જ પળોમાં એકાંકી વિસ્મયભર્યા અંત ઉપર આવીને વીરમે.

એકાંકીમાં પાત્ર - પરિસ્થિતિની જુગલબંધી એવી હોય છે કે એ પરસ્પરને રચતા અને ખોલતા રહે.

આ સ્પર્ધામાં કુલ ૯ ટીમોએ ભાગ લીધો હતો. તા.૧૫-૦૪–૨૦૨૫ના એલિમિનેશન રાઉન્ડમાં ૫ ટીમો સિલેક્ટ થઈ હતી.

એક વિચારને વાસ્તવિકતા સુધી લઈ આવવાની સમગ્ર સમિતિ તેમ જ ક.વી.ઓ. સેવા સમાજના પદાધિકારીઓની છેલ્લા ૬ મહિનાની કાબિલેદાદ જહેમત ત્યારે રંગ લાવી જ્યારે રવિવાર તા.૨૦-૦૪-૨૦૨૫ના વહેલી સવારના ૮.૩૦ થી પ્રેક્ષકો નાટ્યગૃહમાં ગોઠવાઈ ગયા હતા. ૫ એકાંકીઓએ પ્રેક્ષકોને ૨.૦૦ વાગ્યા સુધી પોતાની સીટ પર જકડી રાખ્યા હતા. કચ્છી કલાકારોને રંગમંચના કસબી તરીકે કંડારવાનો KVOSSની સમગ્ર ટીમનો સહિયારો પ્રયાસ ખરા અર્થમાં સફળ નિવડ્યો એવું છેક સુધી ખીચોખીચ ભરેલા ઓડિટોરિયમના દર્શકોએ પુરવાર કરી દીધું.

શરૂઆતની વર્કશોપથી માંડીને સ્પર્ધામાં સફળ થનાર પાંચ એકાંકી સાથે, ક.વી.ઓ. સમાજને ઘણા બધા નવા કસબીઓ મળ્યા. હિસાબ બરોબરમાં ''ક્ષમા વિરસ્ય ભૂષણમ''નો વિશ્વને જીતી શકવાનો સંદેશ આપતા દિગ્દર્શકો, Easy End અને Expiry Date જેવા નવતર વિષયોઆપતા નવા વાર્તાકારો, Get Set Go દ્વારા મંચ પર આબેહૂબ સ્વિમીંગ પુલનું અકલ્પનીય દૃશ્ય રચનારા રંગમંચના કસબીઓ, Expiry Dateમાં એક યુવાનને ૭૫ વર્ષના વૃદ્ધમાં બદલી નાખતા મેકઅપ આર્ટિસ્ટ, Black Sideનો એકદમ રોમાંચકારી થ્રીલર પ્લોટ આપતા અનુભવીઓ, Get Set Go માં એક સ્પાઈનની બીમારીથી પીડાતી દીકરીનો અફલાતૂન અભિનય કરનાર કલાકાર.

પ્રોફેશનલ જજ તરીકે શ્રી પ્રીતેશ સોઢા, શ્રી પ્રતાપ સચદેવ અને શ્રી વિજય ગાલાની નિમણૂક કરવામાં આવી હતી. જેમણે ખૂબ જ તટસ્થ સેવા આપી બધા જ કલાકારોને એમની મહેનત, એમની ખંત માટે બિરદાવ્યા.

પાંચમાંથી ત્રણ એકાંકીઓને વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતા અને અનુક્રમે રૂા. ૭૫,૦૦૦/-, રૂા. ૫૦,૦૦૦/- અને રૂા. ૨૫,૦૦૦/- ઈનામ રૂપે આપવામાં આવ્યા હતા.

એ ઉપરાંત અન્ય વિવિધ બેસ્ટ કેટેગરીઓમાં પણ ઈનામોનું વિતરણ કરાયું હતું.

ગાલા સ્પ્રિંગના શ્રી કિરીટભાઈ ગાલાએ આ એકાંકી નાટ્યસ્પર્ધામાં શરૂઆતથી જ રસ લઈને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

આ એકાંકી નાટ્યસ્પર્ધામાં સમાજના મહાનુભાવો અને શ્રી ક.વી.ઓ. સેવા સમાજના પદાધિકારીઓ તથા વરિષ્ઠ અધિકારીઓએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી.

**વિજેતા એકાંકીના નામ**

| શ્રેણી | શ્રેષ્ઠ નાટક ૧ | શ્રેષ્ઠ નાટક ૨ | શ્રેષ્ઠ નાટક ૩ |
|---|---|---|---|
| **નામ** | એક્સપાયરી ડેટ | ઈઝી ઍન્ડ | ગૅટ સેટ ગો |
| **જૂથ** | શ્રી. નાગપુર ક.વી.ઓ. સમાજ | સ્પાર્કલિંગ ગ્રુપ વલસાડ | શ્રી ક.વી.ઓ. જૈન મહાજન, બોરીવલી |
| **પટકથા લેખક** | ચૈતન્ય સરદેશપાંડે | સાગર મનસુખ રાંભિયા અને સિદ્ધાર્થ સમીર શાહ | હાર્દિક કાંતિલાલ દેઢિયા |
| **ગામ નિવાસ (પટકથા લેખક)** | નાગપુર | રાયણ, વલસાડ | નાગલપુર બોરીવલી |
| **દિગ્દર્શક** | જય નીતિન ગાલા | સાગર મનસુખ રાંભિયા અને સિદ્ધાર્થ સમીર શાહ | હાર્દિક કાંતિલાલ દેઢિયા અને અંશુમન બગરિયા |
| **ગામ નિવાસ (દિગ્દર્શક)** | પ્રાગપુર, નાગપુર | નાંગલપુર, લાલબાગ | બોરીવલી |

**શ્રેષ્ઠ લેખક, દિગ્દર્શક, અભિનેતા અને અભિનેત્રીના નામ**

| શ્રેણી | નામ | જૂથ | ગામ-નિવાસ |
|---|---|---|---|
| શ્રેષ્ઠ લેખક | ચૈતન્ય સરદેશપાંડે | શ્રી. નાગપુર ક.વી.ઓ. સમાજ | - |
| શ્રેષ્ઠ દિગ્દર્શક | હાર્દિક કાંતિલાલ દેઢિયા | શ્રી ક.વી.ઓ. જૈન મહાજન, બોરીવલી | નાંગલપુર, બોરીવલી |
| શ્રેષ્ઠ અભિનેતા૧ | રૌનક પ્રફુલ ગાલા | શ્રી નાગપુર ક.વી.ઓ. સમાજ | સાડાઉ, નાગપુર |
| શ્રેષ્ઠ અભિનેતા૨ | સાગર મનસુખ રાંભિયા | સ્પાર્કલિંગ ગ્રુપ- વલસાડ | નાંગલપુર, લાલબાગ |
| શ્રેષ્ઠ અભિનેત્રી | કવિતા ચેતન ભેદા | શ્રી.નાગપુર ક.વી.ઓ.સમાજ | ભુજપુર, નાગપુર |
| વિશેષ પ્રશંસા | પલ વિપુલ મારુ | શ્રી ક.વી.ઓ. જૈન મહાજન, બોરીવલી | ડેપા, બોરીવલી |

**નાના ભૂલકાઓના નાટકનું ખાસ સન્માન**

| Category | KIDS APPRECIATION |
|---|---|
| નામ | મેદાન |
| સમૂહ | શ્રી કાંદિવલી ક.વી.ઓ. જૈન |
| લેખક | શીતલ ગોસર |
| ગામ નિવાસ (લેખક) | વિઢ- કાંદિવલી |
| નિર્દેશક | વિપેશ મગનલાલ દેઢિયા |
| ગામ નિવાસ (નિર્દેશક) | ભુજપુર કાંદિવલી |

**ક.વી.ઓ. સેવા સમાજની સાંસ્કૃતિક સમિતિના હિરલાઓ**

| | | |
|---|---|---|
| કન્વીનર | રાજેશ નિર્મલાબેન હરિલાલ છેડા | પત્રી, કાંદીવલી |
| કૉ-કન્વીનર | દિપેશ વિમલાબેન ચંદ્રકાંત છેડા | બિદડા, લાલબાગ |
| સમિતિ સભ્યો | નિશા દિપક ભેદા<br>મધુ ચંદ્રકાંત લાલન<br>વિરેન રીટાબેન ભરત વીરા<br>દર્શન નેહલબેન ખુશાલ દેઢિયા<br>રિદ્ધિ મનન વોરા | ભુજપુર, મુલુંડ<br>કોડાય, બોરીવલી<br>દેશલપુર, મુલુંડ<br>હમલા મંજલ, ડોંબિવલી<br>નવીવાર, દાદર |

# શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
## અપડેટ

**તા. ૧ માર્ચ, ૨૦૨૫ થી ૩૧ માર્ચ, ૨૦૨૫** (માનદ મંત્રીઓ)

✤ **સ્ત્રી-ઉત્કર્ષ યોજના :**

તા. ૧૧ માર્ચ, ૨૦૨૫ની મળેલ મિટિંગમાં મેરાઉ ગામની કુલ ૨ બહેનોને પોતાનો ગૃહઉદ્યોગ શરૂ કરવા તેમજ વિકાસવા માટે રૂા.૧,૫૦,૦૦૦/-ની લોન આપવામાં આવેલ છે.

✤ **રહેઠાણ યોજના:**

તા. ૧૭ માર્ચ, ૨૦૨૫ની મળેલ મિટિંગમાં કાંડાગરા, રતાડિયા ગણેશવાલા, નાના ભાડિયા, ડોણ ગામના કુલ ચાર વ્યક્તિઓને પોતીકા રહેઠાણ માટે રૂા.૧૩,૦૦,૦૦૦/- ની લોન આપવામાં આવેલ છે.

✤ **વૈદ્યકિય સહાય:**

તા. ૨૦ માર્ચ, ૨૦૨૫નાં રોજ મળેલ મિટિંગમાં ગામ ભુજપુર (૨), પત્રી (૩), ત્રગડી (૨), શેરડી (૨), મેરાઉ, કાંડાગરા, નાની તુંબડી, ભીંસરા, મોટી ખાખર, નાગલપુર, નવીનાર, બેરાજા, ગુંદાલા, વડાલા (૨), દેવપુર (૨), છસરા, મોખા, વિઢ, ફરાદી, લાયજા, ડેપા (૩), તલવાણા, મેરાઉ, ભોજાય ગામનાં કુલ ૩૩ જરૂરિયાતમંદ ભાઈ-બહેનોને મેડિક્લેમ ઉપરાંત વૈદ્યકીય ખર્ચને પહોંચી વળવા રૂા.૮,૩૯,૯૩૬/- રકમની સહાય આપવામાં આવેલ.

✤ **શૈક્ષણિક લોન યોજના :**

તા. ૨૨ માર્ચ, ૨૦૨૫ના રોજ મળેલ મિટિંગમાં ભારતમાં રહીને ઉચ્ચ અભ્યાસાર્થે કુલ સાત વિદ્યાર્થીઓને રૂા.૧૪,૫૦,૦૦૦/-ની લોન આપવામાં આવેલ.

✤ **શૈક્ષણિક સેમિનાર :**

તા. ૨૦ માર્ચ, ૨૦૨૫ના રોજ વિદેશ જતા વિદ્યાર્થીઓને માર્ગદર્શક સેમિનારનું આયોજન વેલાબાઈ સભાગૃહ, માટુંગા મધ્યે યોજવામાં આવેલ, જેમાં ૫૯ જેટલા વિદ્યાર્થીઓએ તેમના વાલીઓ સાથે આ સેમીનારમાં ભાગ લીધેલ.

વક્તા તરીકે (૧) જુહી હસમુખ ભવાનજી મારુ (કારાઘોઘા - ગોરેગામ), (૨) મહેક ભરત હંસરાજ છેડા (રતાડિયા ગણેશ-ઘાટકોપર), (૩) વિરલ શશિકાંત કેશવજી પાસડ (દેઢિયા-સાંતાક્રુઝ) (૪) નૈતિક ચંદ્રકાંત મણિલાલ કેનિયા (બારોઈ - સાયન-ચુનાભટ્ટી) પધારેલ.

❖ **બુકબૅન્ક - કૉમ્પ્યુટર લોન :**
દર મહિનાના બીજા અઠવાડિયે પુસ્તકોની આપ-લે માટે ખુલ્લી રાખવામાં આવે છે તેમ જ ૧ વિદ્યાર્થીને ભણવા માટે કૉમ્પ્યુટર લોન રૂા. ૩૦,૦૦૦/-ની આપવામાં આવેલ.

❖ **નવનીત કપ કચ્છી ક્રિકેટ ટૂર્નામેન્ટ:**
આ વર્ષે ગામ ગ્રુપ (૪૦ ઓવર)ની મૅચમાં ૨૭ ટીમોએ ભાગ લીધેલ. સેમિ-ફાઈનલ સુધીની બધી મૅચો આઝાદ મેદાન, દાદર, માટુંગાના ગ્રાઉન્ડની પિચો પર યોજાઈ. ફાઈનલ તા. ૧૧ માર્ચ, ૨૦૨૫ના રોજ ફાતિમા ગ્રાઉન્ડ, વિદ્યાવિહાર ખાતે યોજાઈ, જેમાં બિદડા સામે દેશલપુર વિજય રહેલ.

જનરલ ગ્રુપમાં કુલ ૩૮ ટીમોએ ભાગ લીધેલ. A/B/C/D વિભાગમાં યોજાયેલ આ ટૂર્નામેન્ટની સેમિ-ફાઈનલ સુધીની બધી મેચો દાદર-માટુંગાના પિચો પર યોજાઈ.

''A" ડિવિઝન ફાઈનલ ૧૪ માર્ચ ૨૦૨૫ના રોજ ક્રોસ મેદાનના કર્ણાટક પિચ પર યોજાઈ જેમાં બૉમ્બે મેટ્રીક્સ્ YMCC સામે અંતરા એસીસ વિજયી રહેલ.

"B" ડિવિઝનની ફાઈનલ તા. ૨૫ માર્ચ, ૨૦૨૫ના રોજ પુરંદરે સ્ટેડિયમમાં યોજાઈ જેમાં વિલે પાર્લે ક.વી.ઓ. સામે યુવામન S.C. વિજયી રહેલ.

''C" ડિવિઝનની ફાઈનલ તા. ૨૦ માર્ચ, ૨૦૨૫ના રોજ માટુંગા જિમખાના ખાતે યોજાઈ.
જેમાં લીડ સી.સી.(A) સામે અંતરા એસીસ (C) વિજયી રહેલ.

''D" ડિવિઝનની ફાઈનલ તા.૨૦ માર્ચ, ૨૦૨૫ના રોજ દાદર પારસી કોલોનીના ટુકડી પિચ પર રમાઈ.
જેમાં મીરારોડ C.C. સામે ૫૦+ લેજન્ડ વિજય રહેલ.

સંપૂર્ણ ટૂર્નામેન્ટમાં પ્રાયોજક નવનીત ફાઉન્ડેશન (રાયણ દાદર) નવનીત પરિવારનો સેવા સમાજ આભાર માને છે.

❖ **આઉટડૉર કૅમ્પ:**
આ વર્ષે તા. ૧૩ માર્ચથી ૧૭ માર્ચ, ૨૦૨૫ દરમ્યાન કોંકણ દર્શન ફૅમિલી ટૂરનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૪૮ વ્યક્તિઓ ગ્રુપ લીડર શીતલ વિમલ સાલિયા (રતાડિયા ગણેશવાલા)ની સાથે જોડાયા હતા.

આ ટૂરનું સંચાલન સંસ્કૃતિ ટૂરનાં નિલેશ શ્યામ શાહ (મેરાઉ) દ્વારા કરવામાં આવેલ.

❖ તા. ૨૨ માર્ચ, ૨૦૨૫, શનિવારનાં રોજ સેવા સમાજની કારોબારી સમિતિની સભા કાર્યાલય મધ્યે મળેલ.

# સાંત્વન

**(તા. ૧ માર્ચ, ૨૦૨૫ થી તા. ૩૧ માર્ચ, ૨૦૨૫)**

**ચક્ષુદાન : 👁 દેહ /ત્વચાદાન : ❂ અવયવદાન : ✸**

## પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| વસનજી હીરજી કુરપાર હરિયા | ૭૯ | શેરડી | મુલુંડ |
| મા. મણિબેન ભવાનજી વીરજી વોરા | ૮૭ | બિદડા | મલાડ (૧૬૭) |
| અ.સૌ. વનિતા રાજેશ આણંદજી સાવલા | ૫૧ | મોટા આસંબિયા | ભાંડુપ |
| જિતેન્દ્ર પ્રેમજી પાસુ હરિયા | ૫૧ | બાડા | નાલાસોપારા |
| મુલચંદ શિવજી મોણશી ધરોડ | ૭૮ | પત્રી | પનવેલ |
| ખીમજી દના ચાંપશી છેડા | ૮૭ | વાંકી | મુલુંડ ❂ |
| નવીન રામજી ગાલા | ૬૬ | સાડાઉ | દાદર |
| ખુશાલ હંસરાજ હેમરાજ ગાલા | ૭૮ | કોટડા રોહા | રામાણિયા |
| નિર્મળાબેન પ્રેમજી ભાણજી પોલડિયા | ૮૦ | બિદડા | ભાઈંદર |
| મંજુલાબેન ડુંગરશી દેવશી મામણિયા | ૮૦ | કપાયા | મલાડ |
| કિરણ વલ્લભજી હીરજી શાહ /ગડા | ૫૯ | બિદડા | મલાડ |
| જેન્તીલાલ વસનજી કુરપાર દેઢિયા | ૭૧ | ટુંડા | ડોંબિવલી |
| કુસુમબેન દિનેશ વેલજી સાવલા | ૭૧ | બેરાજા | થાણા |
| વાસંતી (કાંડાગરાનાં દેવકાંબેન મેઘજી દેવશી છેડાની સુપુત્રી ) | ૭૬ | – | મલાડ |
| નૈલેશ તલકશી ઠાકરશી પોલડિયા | ૬૩ | તલવાણા | બોરીવલી |
| કાંતિલાલ લાલજી મુરજી કારાણી | ૭૮ | ડુમરા | વરંગલ |
| મા. નેણબાઈ શિવજી નાનજી સાવલા | ૯૩ | નાની તુંબડી | નાની તુંબડી |
| વાલજી આણંદજી લખમશી દેઢિયા | ૯૩ | પત્રી | થાણા |
| મુકેશ જીવરાજ વરપાર સાવલા | ૫૬ | ભીંસરા | કલવા 👁 ❂ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| લક્ષ્મીચંદ મુરજી ઓભાયા ગોગરી | ૯૧ | કપાયા | અમેરિકા |
| ભાવેશ મણિલાલ હીરજી ગાલા | ૪૪ | ભુજપુર | વલસાડ |
| ભાવના વસંત કલ્યાણજી વીરા | ૬૨ | નાની ખાખર | ભાયખલા |
| સુશીલા પ્રવીણ ખીમજી સાવલા | ૭૫ | ભુજપુર | કાંદિવલી |
| રેખા રમેશ શામજી ગોગરી | ૭૩ | કોડાય | દાદર |
| ભરત સવરાજ આસપીર છેડા | ૬૩ | તલવાણા | પવઈ |
| રવિલાલ ભાણજી લાલજી ભેદા | ૭૪ | ભુજપુર | વિલે પાર્લે |
| પ્રભાબેન અમૃતલાલ નાગજી ગાલા | ૭૮ | ગોધરા | વડોદરા |
| પ્રાણજીવન ખેરાજ નાગશી વીરા | ૮૨ | દેશલપુર (કંઠી) | દહિંસર |
| કાંતા જેઠાલાલ હેમરાજ ગાલા | ૬૯ | વાંકી | મલાડ |
| મા. જયાબેન શાંતિલાલ કલ્યાણજી સાવલા | ૭૦ | રામાણિયા | વલસાડ |
| હેમલતાબેન હરિલાલ પ્રેમજી ગોગરી | ૭૪ | પત્રી | કાંદિવલી |
| ડુંગરશી દેવજી કચુ મારુ | ૮૪ | બિદડા | ચેમ્બુર |
| પ્રવીણ કોરશી સવરાજ દેઢિયા | ૭૧ | કોટડી (મહા) | જુહુ |
| જશુમતી લક્ષ્મીચંદ નાનજી ભેદા | ૭૨ | ગુંદાલા | કાંદિવલી 👁 ❂ |
| મા. દમયંતીબેન નાગજી જેઠા વોરા | ૭૭ | નવીનાળ | ડોંબિવલી 👁 ❂ |
| અનિલ રવજી શામજી શાહ / નાગડા | ૬૪ | રામાણિયા | ઠાકુરલી ❂ |
| પ્રવીણ ગાંગજી મુરજી છેડા | ૭૦ | પુનડી | ભાંડુપ |
| ગજાનન (રામાણિયાનાં ચંચળબેન ગાંગજી રાંભિયાના જમાઈ) | ૭૩ | — | ફોરજેટ હિલ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| મણિલાલ દામજી છેડા | ૭૬ | મોટા આસંબિયા | મીરા રોડ |
| ચંચળબેન ધનજી માલશી છેડા | ૮૨ | બગડા | દહિંસર |
| શાંતિલાલ નાનજી શિવજી ગાલા | ૮૬ | છસરા | મુલુંડ |
| ડૉ. દેવકાંબેન દામજી કરમશી શાહ/ફુરિયા | ૮૯ | બિદડા | મઝગામ |
| લક્ષ્મીચંદ દેવજી લખમશી શાહનંદ | ૯૨ | ડુમરા | માટુંગા |
| જયશ્રીબેન ધીરજલાલ હીરજી વોરા | ૬૪ | બિદડા | મલાડ |
| મા. લક્ષ્મીબેન લખમશી હીરજી સોની | ૮૧ | વડાલા | મુલુંડ |
| ભોગીલાલ મુરજી નાનજી ગાલા | ૫૮ | મોટી ખાખર | ભાઈંદર |
| મા. લક્ષ્મીબેન મોરારજી શામજી ધરોડ | ૯૨ | પત્રી | પત્રી |
| દેવચંદ ગોપુ સોજુ છેડા | ૮૦ | કાંડાગરા | કાંદિવલી |
| સૂર્યકાંત હીરજી રણશી શાહ / ગડા | ૮૨ | કોડાય | મલાડ |
| કસ્તૂરબેન (બાડાનાં મેઘબાઈ જેસંગ વેલજી છાડવાની સુપુત્રી) | ૭૬ | — | ગોરેગામ |
| મા. ચંચળબેન જાદવજી હીરજી વીરા | ૮૨ | દેશલપુર | બોરીવલી |
| મા. કિર્તીબેન હીરજી દેવજી ભારાણી | ૮૯ | દેશલપુર | દિલ્હી |
| નરેન્દ્ર કાનજી પદમશી દેઢિયા | ૬૮ | ભોરારા | ડોંબિવલી |
| મણિબેન હરખચંદ તલકશી દેઢિયા | ૬૮ | બિદડા | બિદડા |
| નેમજી હીરજી મોણશી ગાલા | ૭૩ | સાડાઉ | નાલાસોપારા |
| મા. કસ્તૂરબેન નાનજી લાલજી છેડા | ૮૬ | મોટા લાયજા | સુરત |
| ભૂપેન્દ્ર (રામાણિયાનાં દેવકાબેન રામજી રવજી સોજપારના જમાઈ) | ૮૮ | — | માટુંગા |
| મા. શાંતાબેન પ્રેમજી જીવરાજ વોરા | ૭૫ | પ્રાગપુર | વિરાર |
| ભરત પ્રેમજી મુલજી કારાણી | ૫૯ | ડુમરા | વિલે પાર્લે |
| નાગજી શામજી ખીમરાજ વીરા | ૮૧ | દેશલપુર | કોલ્હાપુર |
| મુલચંદ વસનજી ખીમજી ગડા | ૮૩ | મેરાઉ | ઘાટકોપર |
| રાહુલ અમૃતલાલ કલ્યાણજી શાહ/મારુ | ૪૪ | ગોધરા | ઑસ્ટ્રેલિયા |
| પરેશ હંસરાજ કેશવજી ગાલા | ૬૨ | ભુજપુર | ભુજપુર |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| ખીમજી મેઘજી વેલજી દેઢિયા | ૮૪ | કાંડાગરા | થાણા |
| હેમકુંવરબેન (ડેપાનાં માતુશ્રી મમીબાઈ રામજી વેલજી સાવલાની સુપુત્રી) | ૮૭ | — | કાંદિવલી |
| બાબો જિગર રમેશ હરિયા | ૨ દિ | શેરડી | ભાઈંદર |
| નાનજી કરમશી ભારમલ દેઢિયા | ૭૫ | ભુજપુર | વિરાર |
| ઉમેદ વેલજી દેવજી સાવલા | ૭૬ | વાંકી | વાંદરા |
| મંજુલાબેન મનસુખલાલ શિવજી વોરા | ૭૮ | મોટી ખાખર | માટુંગા |
| નાગજી દેવજી ગણપત સાવલા | ૮૧ | વડાલા (૩૫ ઉ) | ઘાટકોપર |
| મણિલાલ રામજી નથુ વીરા | ૮૦ | કારાઘોઘા | કાંદિવલી |
| મીના નીતિન દામજી ગાલા | ૬૨ | મેરાઉ | માટુંગા |
| જયંતીલાલ ગાંગજી પુનશી છેડા | ૮૦ | રતાડિયા ગણેશ | સાંતાક્રુઝ |
| જવેરબેન વસનજી શામજી સંગાઈ | ૮૬ | સમાઘોગા | વિક્રોલી |
| | | | |

## પ્રાર્થના રાખેલ છે

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| રાજેશ શાંતિલાલ સવરાજ ગાલા | ૫૧ | વડાલા | મલાડ |
| પાનબાઈ ખેતશી પુંજા ગડા | ૮૫ | બાડા | ઘાટકોપર |
| દમયંતી ચંદ્રાકાંત તેજશી સોની | ૭૨ | વડાલા | માટુંગા |
| ગીતેન દામજી તલકશી ગડા | ૫૭ | વિઝાંણ | મલાડ |
| રાઘવજી રવજી માલશી છેડા | ૮૦ | ડોણ | હિંદમાતા |
| નિર્મળાબેન વેલજી કેશવજી દેઢિયા | ૭૯ | ભોરારા | મુલુંડ (૨૦ઉ) |
| અ.સૌ. કલ્પના ગિરીશ શામજી ગાલા | ૭૨ | મોટા આસંબિયા | મુલુંડ |
| શોભના અરવિંદ દેવજી છેડા | ૬૨ | રતાડિયા ગણેશ | વડોદરા |
| કલ્પનાબેન જયંતીલાલ ધનજી નાગડા | ૬૪ | કપાયા | કાંદિવલી |
| મહેન્દ્ર ઉમરશી નેણશી બૌઆ | ૮૦ | નાની તુંબડી | અંધેરી (૧૦) |
| વસનજી રવજી લધ્ધા સાવલા | ૮૪ | નાની તુંબડી | લાલબાગ |
| મુલચંદ લખમશી પાંચા દેઢિયા | ૯૧ | મોટા આસંબિયા | ઘાટકોપર |
| તલકશી શામજી તેજશી કેનિયા | ૯૨ | બારોઈ | ભુજોડી-ભુજ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| મા. પાનબાઈ વેલજી દેવજી મારુ | ૭૬ | બિદડા | ડોંબિવલી |
| અ. સૌ. મીના યોગેશ પ્રેમજી ગડા | ૫૭ | મોટા લાયજા | વિક્રોલી |
| પ્રવીણ નાગજી દેવજી ગાલા | ૭૨ | સાડાઉ | વડાલા (૧૯) |
| મુલચંદ કાનજી કરમશી સાવલા | ૭૭ | સામાણિયા | ચેમ્બુર |
| પુષ્પાબેન પ્રવીણચંદ્ર નાનજી નંદુ | ૮૧ | કોડાય | સાંતાક્રુઝ |
| અ.સૌ. લીલાવતી રમણીક નથુ છેડા | ૭૩ | પત્રી | નાહુર |
| વીરેન્દ્ર કુંવરજી કરમશી દેઢિયા | ૭૫ | નાની ખાખર | ડોંબિવલી |
| દેવચંદ જેઠાભાઈ વિજપાર ગોગરી | ૭૮ | ત્રગડી | દાદર |
| લાછબાઈ કુંવરજી રવજી મારુ | ૮૬ | ડેપા | સાંતાક્રુઝ |
| ભવાનજી દેવરાજ જેઠા ગડા | ૮૫ | સાભરાઈ | મુલુંડ |
| કેસરબેન મુલચંદ કુંવરજી સંગોઈ | ૮૧ | કપાયા | પાર્લા |
| મુકેશ મણિલાલ દેવજી શાહ/રાંભિયા | ૫૫ | ગુંદાલા | દાદર |
| અ.સૌ. વાસંતીબેન સુભાષ લાલજી મારુ | ૬૭ | બિદડા | પુના |
| શશિકાંત તલકશી દેવજી ગડા | ૭૦ | પત્રી | દાદર |
| જાદવજી ખીમજી પ્રેમજી રાંભિયા | ૮૨ | મોટી ખાખર | થાણા |
| ડૉ. શાંતિલાલ ભીમશી વિજપાર છેડા/શાહ | ૯૭ | દેશલપુર (કંઠી) | સાંતાક્રુઝ |
| પ્રભાબેન શિવજી વણવીર છેડા | ૮૧ | કાંડાગરા | વિલે પાર્લે |
| મીનાબેન ભરત મગનલાલ ધરોડ | ૬૨ | પત્રી | હૈદરાબાદ |
| અ.સૌ. ઈલાબેન જિતેન્દ્ર લાલજી ગોગરી | ૬૩ | ભુજપુર | માટુંગા |
| નરશી લાલજી શિવજી વિસરિયા | ૭૯ | સાભરાઈ | ડોંબિવલી |
| અ.સૌ. ભાનુબેન દિનેશ પ્રેમજી ભેદા | ૮૦ | ભુજપુર | નાગપુર |
| મુલચંદ મેઘજી મોનજી વોરા | ૮૫ | નવીનાળ | થાણા |
| નાનજી લાલજી આણંદ નિસર | ૮૬ | વડાલા | સાયન (૧૯) |
| સૂર્યકાંત લાલજી ચાંપશી સાવલા | ૭૩ | નાની તુંબડી | મુલુંડ |
| જયાબેન કાંતિલાલ લાલજી ફુરિયા | ૭૯ | ડોણ | વાપી |
| ખેતબાઈ રામજી કાનજી મારુ | ૮૯ | ડેપા | ઘાટકોપર |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| રમેશ ઠાકરશી પાસુ ધરોડ | ૬૭ | પત્રી | બોરીવલી |
| ધર્મેશ ગજેન્દ્ર ટોકરશી ગાલા | ૩૯ | ચુનડી | નાલાસોપારા |
| વર્ષા વલ્લભજી ડુંગરશી ગાલા | ૬૫ | ખારૂઆ | અંબરનાથ |
| | | | |
| **કાળધર્મ પામેલ છે** | | | |
| પૂજ્ય શ્રી ધન્યમુનિ મ. સા. | | | |

સંબંધ મોટા નથી હોતા,
સંબંધ સાચવનારા મોટા હોય છે.
એક ભૂલ તમારો અનુભવ વધારે છે...
જ્યારે એક અનુભવ તમારી
ભૂલો ઓછી કરે છે...

**પ્રિય વાચકો,**

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

**૧ વૉટ્સઍપ/સંદેશ**
(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)
**CA સંજય ચંદનબેન વિસનજી છેડા**
**૯૮૯૨૮૧૫૩૬૭**

**૨ ઈમેલ** - pagdandi@kvoss.org

**૩ પત્રવ્યવહાર**
પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

- તંત્રી

network techlab
*Adding Values to Work*

# "OOPS! ANOTHER POWER CUT!"



India's most chanted sermon during monsoons. But don't lose hope. While we may not have a savior in shining armor to miraculously bring back the electricity, we do have a powerful solution: UPS systems.

## Why Choose Our UPS Systems?

- Uninterrupted Productivity
- Superior Protection
- Energy Efficiency
- Easy Installation and Maintenance

Don't let power cuts dim your productivity and peace of mind. Embrace the era of UPS systems and ensure that you are always powered up, no matter what.

info@netlabindia.com
+91 88790 04536

Head- Office: - 41, Sarvodaya Ind. Est., Off. Mahakali Caves Road, Andheri (E.), Mumbai, 400093
Main Branch: - Plot no. A-142, Rd Number 23, Wagle Industrial Estate, Thane (W.), Thane, 400604
Mumbai | Navi Mumbai | Ahmedabad | Vadodara | Vapi | Pune | Bangalore | Chennai | Goa | Delhi | Kolkata

WPP Licence No. :- MR/Tech/WPP-215/East/2023-25
PAGDANDI (Monthly) MAY 2025 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Post Regd. No. MCE/251/2023-25

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ

